પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૩૩ • કુલ પાના : ૪ • તારીખ : ૨૭-૦૫-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)


RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## જ્ઞાનવાપી મસ્જિદ મામલો સુનાવણી યોગ્ય છે કે નહીં હવે ૩૦ મેના રોજ સુનાવણી થશે

વારાણસી,

જ્ઞાનવાપી મામલામાં અદાલતે સુનાવણી કરી શકે છે કે નહીં આ મામલામાં વર્શિપ એકટ ૧૯૯૧ને લઈ જીલ્લા જજની અદાલતમાં પ્રકરણની પોષણીયતાને લઈ અદાલત પર સુનાવણી થનાર છે.સંભવ છે કે આ મામલાને લઈ અદાલક કોઈ નિર્ણય પર પહોંચી જશે આ હિસાબથી વારાણસી જ નહીં પરંતુ દેશના આ ચર્ચિત મામલામાં કેસને લઈ લોકોની નજર જીલ્લા જજની અદાલત પર લાગેલી છે જયારે દોઢ કલાક સુધી સુનાવણી બાદ જ્ઞાનવાપી કેસમાં ગુરૂવારે ચાર વાગે પુરી થઈ જયારે જીલ્લા જજની અદાલતે હવે આ મામલામાં ૩૦ મેને સોમવારે આગામી સુનાવણી નક્કી કરી છે.



નક્કી સમય પર બપોરે અઢી વાગ્યા બાદ દલીલ શરૂ થઈ તો બંન્ને પક્ષોએ તર્ક અને દસ્તાવેજોને સામે રાખ્યા આ દરમિયાન અડધો કલાક સુધી મુસ્લિમ પક્ષ તરફથી દલીલ આપવામાં આવી ત્યારબાદ હિન્દુ પક્ષ તરફથી વિષ્ણુ જૈને અદાલતને પ્રાપ્ત શિવલીગ અને તેની સુરક્ષાને લઈ અદાલતને માહિતી આપી તેમણે કોર્ટને શિવલીગથી છેડછાડ કરવાનો પણ આરોપ લગાવ્યો છે હિન્દુ પક્ષે જ્ઞાનવાપી પરિસરમાં ૧૯૯૧ના પૂર્વ પણ શ્રૃંગાર ગૌરીના પુજનની માહિતી આપતા વર્શિપ એકટથી અલગ મામલો બતાવ્યો ત્યારબાદ સાંજે ચાર વાગે દોઢ કલાકની સુનાવણી બાદ અદાલતની કાર્યવાહી પુરી થઈ ગઈ હતી.

જ્ઞાનવાપી શ્રૃંગાર ગૌરી પ્રકરણમાં કેસની પોષણીયતા પર સુનાવણી ૨૬મેથી જીલ્લા જજ ડો અજયકૃષ્ણ વિશ્વેશની અદાલતમાં થઈ રહી છે વાદી અને પ્રતિવાગી પક્ષ તરફથી તેની તૈયારી એક દિવસલ પહેલા ચાલી રહી હતી બંન્ને તરફથી આપવામાં આવેલ પુરાવા અને દલીલોથી કેસનું અસ્તિત્વ નક્કી થઈ જશે પ્રતિવાદી પક્ષ એ સાબિત કરવામાં સફળ રહ્યું કે કેસ પોષણીય નહીં છે તો અત્યાર સુધી થયેલી તમામ કાર્યવાહી ત્યાં જ અટકી જશે જયારે વાદી પક્ષ અદાલતને એ બતાવવામાં સફળ રહ્યું કે કેસ સુનાવણી યોગ્ય છે તો સુનાવણી આગળ વધશે.કેસની સુનાવણી બાદ નીચલી અદાલતનો જે નિર્ણય હશે તેના પર બંન્ને પક્ષો માટે હાઈકોર્ટનો દરવાજો ખુલ્લો છે.

જીલ્લા જજની અદાલતમાં કેસની પોષણીયતા પર થનાર સુનાવણીમાં પોતાની વાત રાખવાની તક સૌથી પહેલા પ્રતિવાદી પક્ષને મળશે તેની જ માંગ હતી કે સૌથી પહેલા અદાલત એ નક્કી કરે કે કેસ સુનાવણી યોગ્ય છે કે નહીં તેને લઈ સુપ્રીમ કોર્ટનો પણ નિર્દેશ હતો પ્રતિવાદી પક્ષ જયારે પોતાની દલીલ પુરી કરી લેશે તો વાદી પક્ષને તક મળશે તેને લઈ બંન્ને પક્ષોએ જોરદાર તૈયારી કરી છે.

પ્રતિવાદી પક્ષના વકીલ અભયનાથ યાદવનું કહેવુ છે કે અમે અમારા તરફથી પુરી તૈયારી કરી છે તેમણે કહ્યું કે અમારી પાસે અદાલતની સામે રાખવાના તમામ પુરાવા અને દસ્તાવેજ છે.તેનાથી સાબિત થઈ જશે કે કેસ પોષણીય નથી તેના પર તો પહેલા જ સુનાવણી થવી જોઈતી હતી ત્યારે કેસ આગળ વધશે જ નહીં જયારે વાદી પક્ષે પોતાની તૈયારી કરી છે વાદી પક્ષના વકીલ સુધીર ત્રિપાઠીનું કહેવુ છે કે આ કેસ અત્યાર સુધી એટલો આગળ વધી ચુકયો છે કે પોષણીયતાનો મામલો જ રહેતો નથી કેસને લઈ અમારો દાવો પાક્કો છે.તેને અમે અદાલતમાં પણ સાબિત કરીશું.કેસમાં સુનાવણી માટે સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ હરિશંકર જૈન આવી શકે છે જો કે તેમનું આરોગ્ય યોગ્ય નથી આ દરમિયાન વકીલ વિષ્ણુ જૈન સાથમાં હાજર રહ્યાં હતાં.

કોર્ટે નીચલી અદાલત તરફથી કરાવવામાં આવેલ એડવોકેટ કમિશ્નર કમિટીના સર્વે બાદ રજુ રિપોર્ટ પર બંન્ને પક્ષોથી એક અઠવાડીયામાં વાધા અરજી માંગી છે.સુનાવણી દરમિયાન બંન્ને પક્ષોના ૩૬ લોકો કોર્ટ રૂમમાં હાજર હતાં સુનાવણી દરમિયાન જીલ્લા જજ તરફથી એક વકીલને હટાવવાનો મામલો સામે આવ્યો છે.

લગભગ બે કલાકની સુનાવણી દરમિયાન મોટાભાગના સમયે મુસ્લિમ પક્ષે પોતાની વાત રાખી મુસ્લિમ પક્ષે કોર્ટમાં હિન્દુ પક્ષના દાવાને ફગાવી દીધો મુસ્લિમ પક્ષે સ્પષ્ટ રીતે ઓર્ડર ૭૩૧૧ હેઠળ શ્રૃંગાર દૌરી કેસને રદ કરવાની માંગ કરી હતી મુસ્લિમ પક્ષે હિન્દુઓ તરફથી શિવલીંગ હોવાના દાવાને ફગાવી દીધો તેમણે કહ્યું કે શિવલીંગનો દાવો અફવા ફેલાવવાનું એક કાવતરૂ છે.

જીલ્લા જજની કોર્ટમાં ચાલેલ સુનાવણી દરમિયાન દરમિયાન મુસ્લિમ પક્ષ તરફથી ભાવનાઓને ઉશ્કેરવાનો આરોપ લગાવવામાં આવ્યો સુનાવણી દરમિયાન અભયમાન યાદવે કહ્યું કે આ કેસ સુનાવણીને લાયક જ નથી શિવલીંગને લઈ અફવા ફેલાવવામાં આવી છે મામલામાં મેંટનેબિલિટી બનતી નથી શિવલીંગની હાજરી મસ્જિદ પરિસરમાં સાબિત થઈ નથી શિવલીંગનું અસ્તિત્વ પણ સાબિત થયું નથી મુસ્લિમ પક્ષે આરોપ લગાવ્યો કે ભાવનાઓને જગાડવા માટે શિવલીંગની અફવા ફેલાવવામાં આવી

જ્ઞાનવાપી મસ્જિદ મામલાની સુનાવણી દરમિયાન હિન્દુ પક્ષકારો તરફથી ગંભીર આરોપ લગાવવામાં આવ્યા. વજુખાના પરિસરમાં મળેલ કાળા પથ્થરને શિવલીંગ બતાવતા હિન્દુ પક્ષકારો તરફથી વકીલે તેને ક્ષતિગ્રસ્ત કરવાનો આરોપ લગાવ્યો વકીલ વિષ્ણુ જૈને કોર્ટમાં કહ્યું કે શિવલીંગ સાથે છેડછાડ કરવામાં આવી તેમણે કહ્યું કે શિવલીંગને તોડવાનું કાવતરૂ રચવામાં આવ્યું હિન્દુ પક્ષકારો તરફથી આરોપ લગાવ્યા બાદ મામલો ગરમાઈ ગયો છે.સુનાવણી દરમિયાન મોટી સંખ્યામાં વકીલો વચ્ચે કોર્ટ રૂમમાં જવાની દોડ જોવા મળી હતી પરંતુ મામલાથી જોડાયેલ ફકત ૩૬ લોકોને જ સુનાવણી દરમિયાન કોર્ટ રૂમમાં પ્રવેશની મંજુરી મળી હતી ત્યારબાદ જીલ્લા જજે સીપીસીના ઓર્ડર ૭-૧૧ પર સુનાવણી શરૂ કરી હતી.આ દરમિયાન હિન્દુ પક્ષકાર તરફથી મામલામાં આરોપ લગાવવામાં આવ્યા હતાં અને જીલ્લા જજે સુનાવણીની તારીખ ૩૦મે નક્કી કરી હતી.

## ગુજરાતના મુન્દ્રા પોર્ટ પરથી ફરી ડ્રગ્સ પકડાયું

ભુજ,

ગુજરાત હવે ડ્રગ્સની હેરાફેરી માટે હોટ સ્પોટ સાબિત થઈ રહ્યો છે, છેલ્લા આઠ મહિનામાં હજારો કરોડનું ડ્રગ્સ રાજ્યમાંથી પકડાયું છે અને સતત પકડાતું રહે છે.પોલીસ એલર્ટ હોવા છંતા પણ વિદેશથી ડ્રગ્સ ઘૂસાડવાનો પ્રયાસ અવિરત રીતે ચાલી રહ્યો છે. ગુજરાતમાં ફરી એકવાર ડ્રગ્સ પકડાયું છે.મુંદ્રા પોર્ટ પર ગત રોજ ઈમ્પૉર્ટ થયેલા એક કન્ટેનરને રોકીને તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સુત્રોએ જણાવ્યું કે તેમાં ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે, હજી પણ કન્ટેનરના તમામ જથ્થાની તપાસ ચાલી રહી છે તેમજ તેના સેમ્પલ નાર્કોટીક્સ તપાસ માટે મોકલાયા છે. ડિરેક્ટરોટ ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સ દ્વારા ગત રોજ મુંદ્રા પોર્ટ પર આવેલા એક કન્ટેનરને રોકાવીને તપાસ ચલાવી હતી.

સુત્રોએ જણાવ્યું કે મીઠુ હોવાનું ડિક્લેરેશન ધરાવતું આ કન્સાઈમેન્ટ ઈરાનથી વાયા દુબઈ થઈને મુંદ્રા પહોંચ્યું હતું. જેમાં રહેલા દરેક જથ્થાને બહાર કાઢીને મોડી રાત સુધી તપાસ કરવામાં આવી રહી છે, અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર ૫૦ કિલો જેટલો સિન્થેટીક ડ્રગ્સનો જથ્થો ઝડપી પડાયો હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. તે ખરેખર હેરોઈન છે કે અન્ય કોઈ ડ્રગ તે તપાસ પુર્ણ થયા અને રિપોર્ટ આવ્યા બાદ સ્પષ્ટ થશે. કસ્ટમના સુત્રોએ મીઠાના કન્ટેનરની તપાસ ચાલતી હોવાની ગતીવીધીને સમર્થન આપ્યું હતું.

## કાયદાનું પાલન કર્યા વગર ડોનેશન્સ લેતા રાજકીય પક્ષો સામે ચૂંટણીપંચની કાર્યવાહી

નવીદિલ્હી,

દેશમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હોય પણ માન્યતા અપાઈ ન હોય એવા નિયમોનો ભંગ કરનારા ૨૧૦૦ જેટલા રાજકીય પક્ષો સામે કાર્યવાહીનું અભિયાન શરૂ કરવાની જાહેરાત કેન્દ્ર સરકારના ચૂંટણી પંચે કરી હતી. એ રાજકીય પક્ષોએ કૉન્ટ્રિબ્યુશન રિપોર્ટ ન આપ્યો હોય, નામ-હેડ ઑફિસ-સરનામું-હોદ્દેદારોમાં ફેરફાર વગેરે બાબતોની ચૂંટણી પંચને જાણ ન કરી હોય એવા અનેક નિયમોનો ભંગ કર્યો હોવાનું ચૂંટણી પંચે જણાવ્યું હતું. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે ૬૬ રાજકીય પક્ષોએ રિપ્રેઝન્ટેશન ઑફ ધી પીપલ ઍક્ટ હેઠળની વૈધાનિક-કાનૂની જરૂરિયાતો પૂરી કર્યા વગર નાણાકીય વર્ષ ૨૦૨૦માં ઈક્મ ટૅક્સ એક્ઝેમ્પ્શન માગ્યું હતું અને ૨૧૭૪ પક્ષોએ કૉન્ટ્રિબ્યુશન રિપોર્ટ્સ સુપરત કર્યા નહોતા. કાનૂની જોગવાઈઓનું પાલન કર્યા વગર ડોનેશન્સ લેતા રાજકીય પક્ષો સામે પગલાં લેવામાં આવશે. ગંભીર નાણાકીય ગેરરીતિઓમાં સંડોવાયેલા રજિસ્ટર્ડ હોય પણ માન્યતા ન અપાઈ હોય એવા ત્રણ રાજકીય પક્ષો સામે પગલાં લેવાની શરૂઆત કરવામાં આવી છે. નોંધાયેલા (રજિસ્ટર્ડ) હોય અને માન્યતા ન અપાઈ હોય એવા ૮૭ રાજકીય પક્ષો અસ્તિત્વમાંજ નથી. એવા સંગઠનોને રાજકીય પક્ષોની યાદીમાંથી કાઢી નાખવા અને સિમ્બૉલ્સ ઓર્ડર (૧૯૬૮) હેઠળ મળતા લાભો પણ રદ કરવાના છે.

## એકવાર ફરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાત આવશે

ગાંધીનગર,

ગુજરાતમાં આ વર્ષના અંતમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં તમામ રાજકીય પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભાજપ મિશન ૧૫૦ પ્લસ પર કામ કરી રહી છે. આ જ કારણ છે કે પાર્ટીના દિગ્ગજ નેતાઓ સતત રાજ્યની મુલાકાતે છે. ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે ગુજરાત આવવાના છે. તેમની મુલાકાત ૨૮ મેના રોજ થશે. પીએમ અનેક જાહેર કાર્યક્રમોમાં હાજરી આપશે. આ માહિતી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે.



આ પ્રવાસમાં પીએમ મોદી અને અમિત શાહ અનેક જાહેર સમારોહમાં હાજરી આપશે. સત્તાવાર કાર્યક્રમ અનુસાર, વડાપ્રધાન ૨૮ મેના રોજ સવારે ૧૦ વાગ્યે રાજકોટના જસદણ તાલુકા પહોંચશે. અહીં તેઓ આટકોટ ગામમાં શ્રી પટેલ સેવા સમાજ દ્વારા બનાવવામાં આવેલી હોસ્પિટલનું ઉદ્ઘાટન કરશે. માહિતી આપતા હોસ્પિટલના મેનેજીંગ ટ્રસ્ટી ડો.ભરત બોઘરાએ જણાવ્યું હતું કે, રાજકોટ-ભાવનગર હાઈવે પર કે.ડી.પરવડિયા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલનું નિર્માણ ૪૦ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે. ૨૦૦ બેડની આ હોસ્પિટલ બનવાથી અહીંના લોકોને ઘણી સુવિધા મળશે.

આ દરમિયાન પીએમ મોદી એક રેલીને પણ સંબોધિત કરશે અને ગુજરાતની જનતા સુધી પોતાની વાત પહોંચાડશે. ૨૮મી મેના રોજ સાંજે વડાપ્રધાન ગાંધીનગરમાં સહકાર સંમેલનમાં હાજરી આપશે. જ્યાં વિવિધ સહકારી મંડળીઓના ૧૦ હજાર જેટલા ચૂંટાયેલા પ્રતિનિધિઓને સંબોધીને તેમની સાથે ચર્ચા કરવામાં આવશે.

તે જ સમયે, અમિત શાહ ૨૮ મેના રોજ સવારે સૌથી પહેલા દ્વારકાધીશ મંદિરના દર્શન કરશે. ત્યાં પ્રાર્થના કર્યા પછી, તે નજીકના કોસ્ટલ પોલીસ એકેડમીમાં તાલીમાર્થી સાથે વાતચીત કરશે. આ પછી તેઓ ગાંધીનગર પહોંચશે અને પીએમ મોદી સાથે સહકાર સંમેલનમાં હાજરી આપશે. આ પછી કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ પંચામૃત ડેરી દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભાગ લેશે અને પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે સભાને પણ સંબોધશે.

રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ શાહ ખેડા જિલ્લાના નડિયાદ શહેરની પણ મુલાકાત લેશે. પોલીસ વિભાગ માટે રાજ્યમાં બનાવવામાં આવેલી ૫૭ રહેણાંક અને બિન-રહેણાંક ઈમારતોનું ઉદ્ઘાટન કરશે. આ સાથે અમિત શાહ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં એક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના ઉદ્ઘાટન કાર્યક્રમમાં પણ પહોંચશે અને સાંજે મોટેરાના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમા આઈપીએલની ફાઈનલ મેચ નિહાળશે.




## ગુજરાતના અનેક શહેરમા IT વિભાગના દરોડા

અમદાવાદ,

ગુજરાતના અનેક સ્થળોએ આઈટી વિભાગે તવાઈ બોલાવી છે જેના લીધે ઉધોગપતિઓ અને વેપારી જગતમાં ફફડાટ વ્યાપી ગયો છે, આજે વહેલી સવારથી આઈટી વિભાગ દરોડા પાડવામાં સક્રીય થઈ હતી.ગુજરાત રાજ્યના મેગા સીટી અમદાવાદમાં ઈક્મટેક્સ વિભાગનું મોટું ઓપરેશન કરવામાં આવ્યું છે.

લાંબા સમય બાદ અમદાવાદમાં આઈટી વિભાગે સપાટો બોલાવ્યો છે. જાણિતા એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડ પર આઈટીએ તવાઈ બોલાવી છે,''ટાઈલ્સના ઉધોગપતિને ત્યા દરોડા પાડવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે કે એજીએલ કંપનીના માલિક કમલેશ પટેલ છે, તેમની માલિકીની એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડ એ ભારતની સૌથી મોટી ટાઈલ્સ અને બાથવેર સોલ્યુશન્સ બ્રાન્ડ બનાવતી કંપનીઓમાની એક છે .

કમલેશ પટેલ, કાળીદાસ પટેલ, સુરેશ પટેલ અને મુકેશ પટેલને ત્યાં પણ તપાસ કરવામાં આવી છે. રાજ્ય બહાર પણ આઈટીના દરોડા પડ્યા છે. મોરબીમાં જોઈન્ટ વેન્ચર ગ્રુપ પણ આ સપાટામાં આવી ગયું છે. ઉલ્લેખનીય છે કે આ દરોડામાં ૨૦૦ અધિકારીઓ સામેલ છે. તો બીજી તરફ પોલીસના મોટા કાફલા સાથે આઈટી નું મેગા ઓપરેશન શરૂ કર્યું હતું મળતા અહેવાલ પ્રમાણે તપાસના અંતે મોટા પ્રમાણમાં બે નામી હિસાબો સામે આવ્યા છે.

આઈટીના અધિકારીઓઓ ૩૫થી ૪૦ સ્થળો પર દરોડા પાડ્યા છે. જેમાં અમદાવાદ શહેરના ઈસ્કોન ચાર રસ્તા પર આવેલી કોર્પોરેટ ઓફિસમાં પણ દરોડા પડ્યા છે. તો બીજી તરફ હિંમતનગરમાં આવેલી ફેક્ટરી પર પણ દરોડા પડ્યા છે. એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડના અમદાવાદમાં વસવાટ કરતા તમામ ભાગીદારો પર પણ ઈક્મટેક્ષની રેડ પડી છે.

## "અયોગ્ય શાસન" એ અર્થવ્યવસ્થાને બરબાદ કરી દીધી : રાહુલ ગાંધી

નવીદિલ્હી,

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર પર પ્રહાર કરતા આરોપ લગાવ્યો હતો કે, તેનું "અયોગ્ય શાસન" વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થામાંની એકને કેવી રીતે બરબાદ કરી શકાય તેનું ઉદાહરણ હોઈ શકે છે.

દેશમાં આકરી ગરમીને જોતા વીજળીની વધતી માંગ વચ્ચે તેમણે આ ટ્વિટ કર્યું. કોંગ્રેસના ભૂતપૂર્વ વડાએ ટ્વીટ કર્યું, "વીજળી સંકટ, રોજગાર સંકટ, ખેડૂત સંકટ, મોંઘવારી સંકટ. વડા પ્રધાન મોદીનું આઠ વર્ષનું કુશાસન વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થામાંની એકને કેવી રીતે બરબાદ કરી શકાય તેનું ઉદાહરણ બની શકે છે. ગાંધી અને તેમની કોંગ્રેસ પાર્ટીએ વધતી મોંઘવારી અને બેરોજગારીને લઈને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર પર પ્રહારો તેજ કર્યા છે. હકીકતમાં, દેશમાં આ સમયે સામાન્ય લોકો પર બેવડી મુશ્કેલી છે. મોટાભાગના રાજ્યોમાં જ્યાં ગરમી આકરી પડી રહી છે. સાથે જ વિજળીની અછતની સમસ્યા પણ સામે આવી છે. ઘણા રાજ્યોમાં લોડ શેડિંગના કારણે કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાઈ જવાની ફરિયાદો છે. આ સ્થિતિ માટે બે કારણો છે. એક તો પાવર હાઉસમાં કોલસાના જથ્થામાં ઘટાડો અને બીજું, વધતી ગરમીને કારણે વીજળીની માંગ રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે.

## પાંચ રાજ્યનો મોસ્ટ વૉન્ટેડ નકસલી સંદીપ યાદવનું મોત

રાંચી,

બિહાર-ઝારખંડ સહિત પાંચ રાજયોના મોસ્ટ વોન્ટેડ નકસલ સંદીપ યાદવનું બુધવારે રાત્રે મોત થયું હતું. મોતની માહિતી મળ્યા બાદ એસએસપી હરપ્રીત કૌર, નક્સલ ઓપરેશન એસપી સહિત જિલ્લાના વરિષ્ઠ પોલીસ અધિકારી મોડી રાત્રે સંદીપ યાદવના ઘરે પહોંચ્યા હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે અનુગ્રહ નારાયણ મગધ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. સંદીપ યાદવ બાંકબજાર બ્લોકના બાબુરામડીહ ગામનો રહેવાસી હતો.



સંદીપ યાદવના પુત્ર રાહુલ કુમારે જણાવ્યું કે જંગલમાંથી મૃતદેહ હોવાની માહિતી મળી હતી. ઘણા સમયથી તે બીમાર ચાલી રહ્યો હતો જેની દવા ચાલી રહી હતી. દવાની પ્રતિક્રિયાને કારણે મૃત્યુ થયું હોઈ શકે છે. ઈમામગંજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ પપ્પુ શર્માએ જણાવ્યું કે મૃત્યુનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ ખબર પડશે.

નોંધનીય છે કે વર્ષ ૨૦૧૮માં પહેલીવાર ઈડીએ નક્સલવાદી નેતા સંદીપ યાદવ પર કાર્યવાહી કરી હતી અને દિલ્હી, નોઈડા, રાંચી, ઔરંગાબાદ વગેરે જેવી ઘણી જગ્યાએ બનેલી પ્રોપર્ટી જપ્ત કરી હતી. પરિવારના સભ્યોના બેંક ખાતામાં જમા કરાયેલા ૨૦ લાખથી વધુ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. પત્નીના નામે અનેક મ્યુચ્યુઅલ ફંડ, બેંક ખાતા અને ફ્લેટ જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. પત્ની રાજવંતી દેવી પ્રાથમિક શાળા લુટુઆમાં શિક્ષક તરીકે નોકરી કરે છે.

ઉલ્લેખનીય છે કે સંદીપ યાદવ બિહાર ઝારખંડ સ્પેશિયલ કમિટી અને સેન્ટ્રલ બિહાર ઝોનલના પ્રભારી હતા. ૧૫ વર્ષથી પોલિટબ્યુરોના સક્રિય સભ્ય હતા. તેના પર બિહારમાં ૫ લાખ રૂપિયા અને ઝારખંડમાં ૩૦ લાખ રૂપિયાનું ઈનામ છે. ૧૯૮૯માં મેટ્રિકની પરીક્ષા આપ્યા બાદ તે ૧૯૯૪માં નક્સલવાદી સંગઠનમાં જોડાયો હતો. સંદીપ યાદવ વિરુદ્ધ ૫૦૦ થી વધુ કેસ નોંધાયેલા છે. બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશ સહિત ઘણા રાજ્યોમાં તેની વિરુદ્ધ કેસ નોંધાયેલા છે.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## પાંડવા ગ્રામ પંચાયતના તત્કાલિન V.C.E. મિતુલ સેવક સામે ફોજદારી ગુનો નોંધાયો

- પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનામાં બિનખેડૂત ખાતેદારોના નામે ઓનલાઈન અરજી કરી બિન અધિકૃત રીતે લાભ આપવા બદલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી.
- ખોટી રીતે લાભ મેળવનાર તમામ લાભાર્થીઓને મેળવેલ સહાય સરકારમાં પરત કરવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હુકમ કરાયો.

લુણાવાડા,

પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર ભારતમાં જમીન ધરાવતા ખેડૂત કુટુંબોને વાર્ષિક રૂા. ૬૦૦૦/-ની સહાય ત્રણ હપ્તામાં આપવાનો વર્ષ ૨૦૧૯થી પ્રારંભ કરાવ્યો હતો. આ યોજનાથી ખેડૂતોને આર્થિક રીતે સહાયરૂપ થવાનો છે. પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષમાં ત્રણ હપ્તામાં આ સહાય ચૂકવવામાં આવે છે. આ યોજનાકીય લાભ મેળવવા માટે જે તે જમીન ધરાવતા ખેડૂતો દ્વારા ગ્રામ પંચાયતો ખાતે વી.સી.ઈ. દ્વારા ઓનલાઈન અરજી કરી નોંધણી કરાવવાની રહેતી હોય છે.

આ યોજનાકીય સહાયનો લાભ સીધો ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના પાંડવા ગામે પ્રધાનમંત્રી કિસાન સમ્માનનિધિ યોજનાઓમાં ખેડૂત ખાતેદારોની નોંધણી કરવામાં આવી હતી. જેમાં જેઓ બિનખેડૂત ખાતેદારો છે તેઓના નામે ઓનલાઈન અરજી કરી બિનઅધિકૃત રીતે લાભ આપવામાં આવી રહ્યો હોવાની અરજીઓ અને ફરિયાદો મળી હતી.

આ મળેલ અરજીઓની મહીસાગર-લુણાવાડાના જિલ્લા ખેતીવાડી અધિકારી જે. આર. પટેલ દ્વારા તપાસ કરવામાં આવતાં પાંડવા ગ્રામ પંચાયત ખાતે વી.સી.ઈ. તરીકે ફરજ બજાવતાં મિતુલ હેમંતકુમાર સેવક દ્વારા જે તે સમયે ૧૯ લાભાર્થીઓ કે જેઓ બિન ખેડૂત ખાતેદાર હોવા છતાં અન્ય ખેડૂતના નામનો ઉપયોગ કરી પી.એમ. કિસાન સમ્માન નિધિ યોજનામાં રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હોવાનું જણાઈ આવેલ અને તે સમયના તલાટી કમ મંત્રી અમીનના યુઝર આઇ.ડી. અને પાસવર્ડનો દુરૂઉપયોગ કરી આ બિન ખેડૂતોની અરજીઓ એપ્રુવ (મંજૂર) કરી હતી. જેના કારણે આ ખેડૂતોએ અત્યારસુધીમાં આ યોજના હેઠળ સહાય પેટે રૂા. ૨,૩૪,૦૦૦/- ચૂકવવામાં આવ્યા હતા.

સરકારની આ યોજનાનો બિનઅધિકૃત રીતે લાભ-સહાય મેળવવાના અહેવાલ અને ગંભીરતાને ધ્યાને લઈને મહીસાગર-લુણાવાડાના જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી દ્વારા આદેશ કરવામાં આવતાં તત્કાલિન તલાટી-કમ-મંત્રી દ્વારા જે તે સમયે વી.સી.ઈ. તરીકે ફરજ બજાવતાં મિતુલ હેમંતુકમાર સેવક સામે યુઝર આઇ.ડી. અને પાસવર્ડનો દુરૂઉપયોગ કરવા બદલ ફોજદારી ગુનો નોંધાવામાં આવ્યો છે.

આ ઉપરાંત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ લાભાર્થી કે જેઓએ ખોટી રીતે લાભ લેતા હતા તેઓ તમામને મળેલ સહાય સરકારમાં પરત જમા કરાવવાનો હુકમ કરી આવા અન્ય કોઈ લાભાર્થીઓ હોય તો તેઓની તપાસ કરી સહાયની રીકવરી કરવા ગ્રામ પંચાયતનો આદેશ કરવામાં આવ્યો હોવાનું મહીસાગર-લુણાવાડાના જિલ્લા ખેતીવાડી અધિકારી જે. આર. પટેલ દ્વારા જણાવાયું છે.

## સંતરામપુર પ્રતાપુરા વિસ્તારના શીતળા માતાના તળાવ હવે સૂકા ભઠ બન્યા તળાવ નહીં પરંતુ સમતલ જમીન બની




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર પ્રતાપપુરા વિસ્તાર અને માલણપુર ગરાડીયા ગ્રામ પંચાયત માં સમાવેશ થયેલો વર્ષો જૂનું આ તળાવ સંતરામપુર નગરપાલિકા દ્વારા અને વર્ષોથી ગણપતિની વર્ષોથી આ તળાવમાં પીઓપીની મૂર્તિઓ વિસર્જન કરવામાં આવતી હોય છે, પરંતુ આજ દિન સુધી આ તળાવની અંદરના સફાઈ કરાઈ તેને ઉંડુ કરવામાં આવ્યું. સૌથી જુનો અને સૌથી ઊંડો શીતળા માતાનું તળાવ ગણવામાં આવતું હતું. આજે તળાવ છોકરાઓ માટે રમવાનું મેદાન બની ગયું છે. દેખરેખ વગર અને આ તળાવની હવે દુર્દશા બેઠી ગઈ છે. ચોમાસા દરમિયાન માત્ર આ તળાવની અંદર ત્રણ કે ચાર જ મહિના પાણીનો સંગ્રહ થતો હોય છે. કારણ કે, આ તળાવની અંદર પીઓપીની મૂર્તિઓનું વિસર્જન કરવાથી તમામ કેમિકલ અંદર ઉતરી જવાના કારણે અંદરની જમીન સૂકી ભઠ થઈ ગઈ જેના કારણે વરસાદની તળાવ ભરાતા પાણી શોષી લેતું હોય છે. શીતળા માતાના તળાવમાં આજુબાજુના ગ્રામજનો તેને કપડાં ધોવા માટે મુંગા પશુઓને પીવા માટે સૌથી વધારે ઉપયોગ કરવામાં આવતો હતો, પરંતુ હવે તે તેનો ઉપયોગ કરી શકાતો નથી અને રમવાનું મેદાન બની ગયું છે. મૂર્તિ નવસર્જન કરવા માટેનું આજુ બાજુના સ્થાનિક ગ્રામજનોએ નગરપાલિકામાં અગાઉ પણ તેનો વિરોધ કર્યો હતો. આવા કુદરતી તળાવને પણ કેમિકલના સ્વરૂપમાં નાખીને તેની દુર્દશા બેસાડી દીધી છે. હવે આવા તળાવની ઉંડુ કરવામાં આવે અને પાણી સંગ્રહ થઈ શકે ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

## સંતરામપુર વિધાનસભા વિસ્તારમાં ગામડું બેઠકનું આપ પાર્ટીએ આયોજન કર્યું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર ૧૨૩ વિધાનસભામાં ગામડું બેઠક મીટિંગનું અલગ અલગ બે જગ્યાએ મોતીભાઈ ડિંડોર તથા અભેસિંહ બામણીયાની આગેવાની હેઠળ આયોજન કરવામાં આવ્યું. જેમાં પર્વતભાઈ ડામોર, પીન્ટુભાઈ સોલંકી, જસવંતભાઈ વણકર તથા અભેસિંહભાઈ બામણીયા હાજર રહ્યા હતા.

આ મીટિંગમાં ગામના આગેવાનો વડીલો અને યુવાનો હાજર રહ્યા હતા અને કેજરીવાલજીની કાર્ય કરવાની નીતિથી જોઈને હોંશે હોંશે આમ આદમી પાર્ટીમાં ખેસ ધારણ કરીને જોડાયા હતા. વડીલોએ ખાસ તેમના ગામની સમસ્યાઓ વિશે સિંચાઈ તથા પીવાના પાણીની તકલીફ અને વીજળીની સમસ્યા વિશે વાત કરી હતી અને આવનારા દિવસોમાં તેમની સમસ્યાનું સમાધાન AAP પાર્ટી જ કરશે તેવા વિશ્વાસ સાથે સમગ્ર ગામને આપમાં જોડવાના સંકલ્પ સાથે ખૂબ ઉલ્લાસભેર જોડાયા અને ચર્ચાઓ કરી અને આવનારા દિવસોમાં પાર્ટીને મજબૂત બનાવવા સંગઠન ની વિસ્તાર વધારવાની જવાબદારી ઉપાડી લીધી. મીટિંગના અંતે તાલુકા પ્રમુખ પીન્ટુ ભાઈ સોલંકીએ સર્વેનો આભાર માન્યો હતો.

## ગોધરા કનેલાવ જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે આર્ચરી સ્પર્ધાનું આયોજન કરાયું



ગોધરા,

ગોધરા શહેરમાં આવેલ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે રાજ્ય કક્ષાની આર્ચરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ વિભાગો મુજબ રાજ્યના અલગ-અલગ જિલ્લાના આર્ચરી સ્પર્ધાના ખેલાડીઓએ ભાગ લીધો હતો.

પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા શહેરમાં આવેલ કનેલાવ ખાતેના જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે આર્ચરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૧મા ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની આર્ચરી સ્પર્ધા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ ડો.પ્રતાપસિંહ ચૌહાણ દ્વારા ખુલ્લી મૂકવામાં આવી હતી. આ સ્પર્ધામાં રાજ્યના અલગ અલગ જિલ્લાના રમતવીરોએ અંડર-૧૪, અંડર-૧૭ અને ઓપન વિભાગ કેટેગરી મુજબ ભાગ લીધો હતો. જિલ્લા કક્ષાએ યોજાયેલી આર્ચરી સ્પર્ધામાં વિજેતા થયેલા ખેલાડીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓને રોકડ પુરસ્કાર અને અલગ અલગ શ્રેણી મુજબ મેડલ એનાયત કરવામાં આવશે. ગોધરા ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની આર્ચરી સ્પર્ધામાં અંડર-૧૪ શ્રેણીમાં ૬૦ ભાઈઓ અને ૭૦ બહેનો મળી કુલ ૧૩૦, અંડર-૧૭ શ્રેણીમાં ૯૮ ભાઈઓ અને ૮૨ બહેનો મળીને કુલ ૧૮૦ ખેલાડીઓ તથા ઓપન વિભાગમાં અંદાજે ૧૫૦ ઉપરાંત ખેલાડીઓ ભાગ લેશે.

## પંચમહાલ જિલ્લા માહિતી કચેરી ગોધરા ખાતે માહિતી મદદનીશ તરીકે ઈશ્વરભાઈ ચૌધરીની નિમણૂંક કરવામાં આવી



ગોધરા,

પંચમહાલ જિલ્લા માહિતી કચેરી ગોધરા ખાતે માહિતી મદદનીશ તરીકે ઈશ્વરભાઈ ચૌધરીની નિમણૂંક થવા પામી છે. ત્યારે ઈશ્વરભાઈ ચૌધરી અગાઉ જી.એન.પી.સી. ટ્રસ્ટમાં પી.આર. ઓ તથા દૂરદર્શન અમદાવાદ ખાતે કોપી એડિટર તરીકે ફરજ અદા કરી ચૂકયા છે. ત્યારે ઈશ્વરભાઈ ચૌધરીની નિમણૂંક થતાં પંચમહલ જિલ્લા પત્રકાર આલમમાં ખુશીની લાગણી વ્યાપી જવા પામી છે. આ અગાઉ માહિતી મદદનીશ અધિકારી તરીકે અગાઉ પ્રશાંતભાઈ ત્રિવેદી કામગીરી કરી રહ્યા હતા. હાલ તેઓની સુરેન્દ્રનગર જિલ્લામાં એ.ડી.આઇ.તરીકે નિમણુંક થવા પામી છે.

## લુણાવાડા પાલિકા કર્મચારીઓની સાંઠ ગાંઠથી ડિપોઝીટ વગર સરકારી ટેન્કરનો ઉપયોગ કોન્ટ્રાકટર કરતો હોવાનું સામે આવ્યુ

લુણાવાડા,

લુણાવાડા નગરપાલિકા દ્વારા વિકાસના કામોને વેગ મળે તે માટે નવીન ગટરની કામગીરી કન્સ્ટ્રકશન કંપનીને સોંપવામાં આવી હતી તેનુ સમગ્ર કામ કોન્ટ્રાકટર દ્વારા કામગીરી કરવામાં આવી રહી હતી. જેઓ દ્વારા લુણાવાડા પાલિકાના સરકારી ટેન્કરનો છેલ્લા કેટલાય દિવસથી ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેમાં કોઈપણ પ્રકારની ડિપોઝીટ પણ ભરવામાં આવી નથી.

લુણાવાડા પાલિકાના સત્તાધિશોને માલુમ પડતા એ પણ સવાલ ઉઠવા પામ્યો છે કે, જયારે લોકો ડિપોઝીટ ટેન્કરની માંગ કરતા હોય છે તો પણ સમયસર ટેન્કર મળતા નથી. અને અહિંયા છેલ્લા ૧૫ દિવસ ઉપરાંતથી સરકારી ટેન્કરનો દુરૂપયોગ થઈ રહ્યો છે. લુણાવાડા નગરપાલિકા પીવાના પાણીના ટેન્કર માટે એડવાન્સ પૈસા ભરાવે છે. પણ કેટલાય દિવસથી કોન્ટ્રાકટર દ્વારા લુણાવાડા નગરપાલિકાના સરકારી મિલ્કત અને સરકારી ટેન્કરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે પણ રકમ પેટે એકપણ રૂપિયો ભરવામાં નથી આવ્યો. લુણાવાડા નગરપાલિકા ચીફ ઓફિસરને ટેલિફોનીક જાણ કરતા તેઓ દ્વારા કહેવામાં આવ્યુ કે, આ ઘટના મારી જાણ બહાર છે આ અંગે હું તપાસ કરાવી લઉ છુ.

## આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી જિલ્લાના તમામ તાલુકાઓમાં લાયઝન અધિકારીઓની નિમણૂંક

લુણાવાડા,

આગમી ચોમાસાની ઋતુ દરમિયાન મહીસાગર જિલ્લામાં ભારે વરસાદના સમયે બચાવ કામગીરી ઝડપી થઈ શકે અને તકેદારીના તમામ પગલાંઓ સમયસર અને ત્વરિત રીતે હાથ ધરી શકાય તે માટે મહીસાગર-લુણાવાડાના જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલ દ્વારા જિલ્લાના તમામ તાલુકાઓમાં લાયઝન અધિકારીઓની નિમણૂંક કરી ફરજો સોંપવામાં આવી છે. કલેકટર ડો. મનિષકુમાર જિલ્લાના તમામ તાલુકાઓમાં લાયઝન અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે તેમાં લુણાવાડા તાલુકા માટે લુણાવાડના પ્રાંત અધિકારી આલોકસિંહ ગૌતમ, સંતરામપુર તાલુકા માટે સંતરામપુરાના પ્રાંત અધિકારી કૌશિક જાદવ, બાલાસિનોર તાલુકા માટે બાલાસિનોરના પ્રાંત અધિકારી આર. આર. ગામેતી, વિરપુર તાલુકા માટે મહીસાગર-લુણાવાડાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી આર. બી. ચૌધરી, ખાનપુર તાલુકા માટે મહીસાગર-લુણાવાડના જિલ્લા ખેતીવાડી અધિકારી જે. આર. પટેલ અને કડાણા તાલુકા માટે મહીસાગર-લુણાવાડાના માર્ગ અને મકાન-પંચાયતના કાર્યપાલક ઈજનેર એમ. એચ. ભટ્ટની નિમણૂંક કરવામાં આવી છે.

## ભારતીય નૌકાદળે એન્ટી સબમરીન મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું

નવીદિલ્હી,

ભારતીય નૌકાદળે વધુ એક ગાઈડેડ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે. જે અંતર્ગત સપાટીથી હવામાં એન્ટિ-સબમરીન સ્ટીલ્થ ફ્રિગેટ (એન્ટી-સબમરીન સ્ટીલ્થ મિસાઈલ) નો ઉપયોગ ઓછી સપાટીના લક્ષ્યને નિશાન બનાવવા માટે કરવામાં આવ્યો હતો.

ભારતીય નૌકાદળે વધુ એક ગાઈડેડ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. નવી મિસાઈલ હવામાંથી નીચા લક્ષ્યને પણ સફળતાપૂર્વક ટારગેટ કરે છે. ટૂંક સમયમાં જ લક્ષ્યને વેધતી આ મિસાઈલ મિસાઈલ નૌકાદળને અપાશે. નૌકાદળે કહ્યું કે 'હિટ ફર્સ્ટ હિટ હાર્ડ' એટલે કે 'ફર્સ્ટ હિટ અને હાર્ડ હિટ'ના તેના મંત્રની દિશામાં આ એક બીજું પગલું છે. આ એન્ટી સબમરીન મિસાઈલ દુશ્મન પર છુપાઈને હુમલો કરવામાં સક્ષમ છે.

## બાલાસિનોર ડેપોમાં ડિઝલ ખુટી જતા બસોના ૪૮ રૂટ બંધ કરાયા

બાલાસિનોર,

બાલાસિનોર ડેપોમાં ડિઝલનો જથ્થો ખુટી જતા ૪૮ બસના રૂટ બંધ કરી દેવાયા હતા. રૂટ કેન્સલ થતાં મુસાફરોને કાળઝાળ ગરમીમાં રખડવાનો વારો આવ્યો હતો.

બાલાસિનોર ડેપોમાંથી ગ્રામિણમાં બસો જતા વિદ્યાર્થીઓ સહિત લોકોને ખાનગી વાહનોથી રાહત મળે છે. હાલ સરકારે અચાનક ડિઝલ અને પેટ્રોલમાં ભાવ ઘટાડી દીધો છે ત્યારે બાલાસિનોર ડેપોમાં ડિઝલનો જથ્થો ઉપ્લબ્ધ ન હોવાથી તેની અસર બસના રૂટ પર પી હતી. ડેપોમાં ડીઝલ ન હોવાથી છેલ્લા ૩ દિવસથી બાલાસિનોર ડેપોના કુલ ૬૮ શિડ્યુલમાંથી ૧૫ શિડ્યુલ ચાલુ રાખીને ગ્રામિણ વિસ્તારના ૪૮ રૂટ બંધ કરી દેવાતા મુસાફરો અટવાયા હતા. જેથી બાલાસિનોર ધારાસભ્ય ચૌહાણ અજીતસિંહ પર્વતસિંહ એ રાજયના વાહનવ્યવહાર મંત્રી પુર્ણેશ મોદીને લેખિત રજુઆત કરી કે, બાલાસિનોર વિધાનસભા વિસ્તારમાં જતી બસના ૪૮ શિડ્યુલ બંધ કરી દેવાતા મુસાફરોને બસની સુવિધા મળતી નથી.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે લાભદાયી છે. જો તમારું પ્રમોશન લાંબા સમયથી બંધ છે તો આજે તમને લાભ મળી શકે છે. આજે તમારી વાણીથી તમે ખૂબ મોટા અધિકારીને તમારા તરફ આકર્ષિત કરી શકશો.

વૃષભ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમે કરેલા કામ પરિવારનું માન વધારશે, સમગ્ર પરિવારનું ગૌરવ વધારશે. આજે તમને તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ મળશે.

મિથુન : આજનો દિવસ તમારા માટે ફાયદાકારક છે અને તમને કોઈ કિંમતી વસ્તુથી લાભ થવાની સંભાવના છે. જો તમે નોકરી કરો છો તો અધિકારમાં વધારો થશે. શત્રુઓ પણ તમારી હિંમત અને બહાદુરીની આગળ હારશે અને તમે તમારા ઉદ્દેશ્યોમાં સફળ થશો.

કર્ક : આજનો દિવસ તમારા માટે થોડો મુશ્કેલ હોઈ શકે છે અને જો કોઈ કેસ અથવા અન્ય કોઈ તપાસ ચાલી રહી છે તો આજે સમય સાથ નહીં આપે. ઝડપી નિર્ણયો લેવામાં નિષ્ફળતા, વિક્ષેપો નડી શકે છે.

સિંહ : તમારો દિવસ ભક્તિમાં પસાર થવાનો છે. તમે ગુરુ અથવા ભગવાન પ્રત્યે સંપૂર્ણ વફાદાર રહેશો. તમે તમારી બુદ્ધિ અને વિવેકથી કંઈક નવું કરવાનો પ્રયાસ કરશો. તમે રોકાયેલા પૈસા પ્રાપ્ત કરશો.

કન્યા : આજનો દિવસ તમારા માટે ખુશીનો દિવસ રહેશે અને બાળકોનું સારું વર્તન તમને ખુશ કરશે. માતા-પિતાના આશીર્વાદ લો અને કોઈ ખાસ કાર્યમાં તમને સફળતા મળશે. ભૌતિક સુખ સુવિધાઓ વધશે.

તુલા : આજનો દિવસ તમારા માટે ખુશીનો દિવસ છે અને તમારી પાસે શારીરિક તાકાત અને ઉત્સાહ વધુ રહેશે, પરંતુ બિનજરૂરી ખર્ચા આવશે જે તમારે ઈચ્છા વિના પણ મજબૂરીમાં કરવા પડશે.

વૃશ્ચિક : વેપારીઓ માટે આજનો દિવસ ખૂબ ખાસ છે. તમારા બિઝનેસમાં કેટલાક નવા બદલાવ આવશે, જે તમને લાભ આપશે. આજે તમારા અધિકારોમાં વધારો થશે, જેના કારણે તમને નાણાકીય લાભ અને આદર મળશે. આજે તમને પરિવાર તરફથી કોઈ સારા સમાચાર મળશે.

ધનુ : આજનો દિવસ એવો છે કે તમારે ખાસ ધૈર્યથી કામ કરવું પડશે અને ઉતાવળમાં કરવામાં આવેલું કામ નુકસાન પહોંચાડી શકે છે. તમારી શારીરિક સુખ-સુવિધાઓ વધશે. નવા કામો સંબંધિત ભવિષ્યમાં લાભ થશે.

મકર : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેવાનો છે. તમારા અધિકારો વધવાની સાથે સાથે જવાબદારીઓ પણ વધશે અને તમારી ઉપર જવાબદારીઓનો બોજો આવી શકે. તમે હૃદયથી બીજાની ભલાઈ અને સેવા કરવા માટે સારું કામ કરી રહ્યા છો.

કુંભ : આજે વિચારપૂર્વક નિર્ણય લેવાનો દિવસ છે. સરકારી ક્ષેત્રને લગતા કામમાં સાવધાનીપૂર્વક કામ કરવું. આજે અધિકારીઓ અને વરિષ્ઠ લોકો સાથે સંકલન રાખવું પડશે. સાંજથી રાત સુધીમાં ઓછી માત્રામાં નાણાંનું નુકસાન થઈ શકે છે.

મીન : આજનો દિવસ મુશ્કેલ છે. સ્વાસ્થ્ય સંબંધિત તમે પરેશાન થશો. પેટ સાથે સંબંધિત સમસ્યા મુશ્કેલીકારક હોઈ શકે છે. જો તમારે કોઈ નાણાકીય સંસ્થા અથવા કોઈ વ્યક્તિ પાસેથી લોન લેવી હોય તો તે સરળતાથી મળી રહેશે. નવી યોજનાઓ બનાવીને તેમને સફળ બનાવવા માટે પૂર્ણ પ્રયત્નો કરો

## જ્યાં જ્યાં પરિવારવાદી પાર્ટીઓ હટી, ત્યાં ત્યાં વિકાસના રસ્તા પણ ખુલ્યા : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



હૈદરાબાદ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હૈદરાબાદમાં ભાજપના કાર્યકરોને સંબોધન કર્યું. પોતાના સંબોધનમાં તેમણે ફરીથી પરિવારવાદ પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે ભ્રષ્ટાચાર પરિવાર સમર્પિત રાજકીય પક્ષોનો ચહેરો કેવી રીતે બને છે તે આપણે જોયું છે. આ ઉપરાંત તેમણે કહ્યું કે દાયકાઓ સુધી ચાલેલા તેલંગણા આંદોલનમાં હજારો લોકોએ પોતાના બલિદાન આપ્યા છે. આ બલિદાન તેલંગણાના ભવિષ્ય માટે હતું. આનબાન શાન માટે હતું. તેલંગણા આંદોલન એટલા માટે નહતું ચાલ્યું કારણ કે કોઈ એક પરિવાર તેલંગણાના વિકાસના સપનાને સતત કચડતા રહ્યા.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે પરિવારવાદના કારણે દેશના યુવાઓને, દેશની પ્રતિભાઓને રાજકારણમાં આવવાની તક નથી મળતી. પરિવારવાદ તેમના સપનાને કચડે છે, તેમના માટે દરેક દરવાજા બંધ કરી દે છે. આથી આજે ૨૧મી સદીના ભારત માટે પરિવારવાદથી મુક્તિ, પરિવારવાદી પાર્ટીઓથી મુક્તિ એક સંકલ્પ પણ છે. તેમણે કહ્યું કે તેલંગણાના લોકો જોઈ રહ્યા છે કે જ્યારે એક પરિવારને સમર્પિત પાર્ટીઓ જ્યારે સત્તામાં આવે છે તો કેવી રીતે તે પરિવારના સભ્ય ભ્રષ્ટાચારનો સૌથી મોટો ચહેરો બની જાય છે. તેલંગણાના લોકો જોઈ રહ્યા છે કે પરિવારવાદી પાર્ટીઓ ફક્ત પોતાનો વિકાસ કરે છે, પોતાના પરિવારના લોકોની તિજોરીઓ ભરે છે.

તેમણે કહ્યું કે જયાં જયાં પરિવારવાદી પાર્ટીઓ હટી છે ત્યાં ત્યાં વિકાસના રસ્તા પણ ખુલ્યા છે. હવે આ અભિયાનને આગળ વધારવાની જવાબદારી તેલંગણાના લોકોની છે. પીએમએ કહ્યું કે આજના આ યુગમાં જે લોકો અંધવિશ્વાસના ગુલામ બની ગયા છે તેઓ પોતાના અંધવિશ્વાસમાં કોઈનું પણ નુકસાન કરી શકે છે. આ અંધવિશ્વાસી લોકો તેલંગણાના સામર્થ્ય સાથે ક્યારેય ન્યાય કરી શકે નહીં. ભાજપે છેલ્લા ૮ વર્ષમાં બધાનો સાથ, બધાનો વિકાસ, બધાનો વિશ્વાસ, બધાનો પ્રયાસ મંત્રથી દેશની નિરંતર સેવા કરી છે. ગરીબ, પછાત, દલિત, આદિવાસી, આપણી માતાઓ અને બહેનો, અંત્યોદયના તમામ સાથીઓ, તેમનો ઉત્કર્ષ જ ભાજપની આસ્થા છે.

આ સાથે પ્રધાનમંત્રીએ કહ્યું કે હાલના દિવસોમાં અલગ અલગ ચૂંટણીઓમાં ભાજપની જીત એ વાતનો સ્પષ્ટ સંકેત છે કે તેલંગણામાં હવે લોકોએ મન બનાવી લીધુ છે. હવે બદલાવ ચોક્કસ આવશે. તેલંગણામાં ભાજપ નક્કી છે. તેમણે એમ પણ કહ્યું કે અંધવિશ્વાસને પ્રોત્સાહન આપનારા લોકોથી આપણે તેલંગણાને બચાવવાનું છે. આજના આ યુગમાં પણ જે લોકો અંધવિશ્વાસના ગુલામ બનેલા છે તેઓ પોતાના અંધવિશ્વાસમાં કોઈનું પણ નુકસાન કરી શકે છે. આ અંધવિશ્વાસુ લોકો તેલંગણાના સામર્થ્ય સાથે ક્યારેય ન્યાય કરી શકે નહીં. પીએમએ કહ્યું કે તેલંગણાની ધરતીથી યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પણ અભિનંદન પાઠવું છે. તેમને કોઈએ કહ્યું કે ફલાણી જગ્યાએ ન જવું જોઈએ પરંતુ યોગીજીએ કહ્યું કે હું વિજ્ઞાન પર શ્રદ્ધા રાખુ છું અને તેઓ ગયા. આજે તેઓ ફરીથી મુખ્યમંત્રી બન્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે ૨૧મી સદીનું નવું ભારત આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયાના સપનાને લઈને આગળ વધી રહ્યું છે. આપણા સ્ટાર્ટઅપ્સ આજે સમગ્ર દુનિયામાં પોતાની છાપ છોડી રહ્યા છે. આજે આપણે દુનિયાની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છીએ. હાલમાં જ થોડી દિવસ પહેલા ભારતનો ૧૦૦મો યુનિકોર્ન આપણી સામે આવ્યો. ટેક્નોલોજીની વાત આવે તો તેલંગણા અને અહીંના યુવાઓની ક્ષમતા વગર તે પૂરી થઈ શકે નહીં. આ ક્ષમતાઓના સમગ્ર ઉપયોગ માટે તેલંગણાને એક પ્રોગ્રેસિવ અને ઈમાનદાર સરકારની જરૂર છે. જે ફક્ત ભાજપ આપી શકે છે. ભારત દુનિયામાં ઝડપથી આગળ વધી રહેલી અર્થવ્યવસ્થાઓમાંથી એક છે. આપણી આ ગ્રોથ સ્ટોરીમાં સૌથી મોટી ભૂમિકા ટેક્નોલોજીએ ભજવી છે. ટેક્નોલોજીનું નેતૃત્વ આપણા યુવા સાથીઓ કરી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે, દાયકાઓ સુધી ચાલેલા તેલંગાણા આંદોલનમાં હજારો લોકોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. આ બલિદાન તેલંગાણાના ભવિષ્ય માટે હતું. આ બલિદાન તેલંગાણાના ગૌરવ માટે હતું. તેલંગાણા ચળવળ એટલા માટે ચાલી ન હતી કારણ કે એક પરિવાર તેલંગાણાના વિકાસના સપનાઓને કચડી નાખતો રહ્યો.પીએમ મોદીએ કહ્યું કે, પરિવારવાદના કારણે દેશના યુવાનો, દેશની પ્રતિભાઓને રાજકારણમાં આવવાની તક પણ નથી મળતી. આજે પરિવારવાદથી આઝાદી, પારિવારિક પક્ષોમાંથી આઝાદી એ પણ ૨૧મી સદીના ભારત માટેનો સંકલ્પ છે.

# દે.બારીયાના કાળી ડુંગરી ગામે કુટુંબી યુવક-યુવતિએ સીમમાં ઝેરી દવા પી આત્મહત્યા કરી લેતાં ચકચાર




દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના કાળીડુંગરી ગામના એકજ કુંટુંબના યુવક – યુવતીએ ગઈકાલે સીમમાં દુર જઈ કોઈ ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી હતી. ગઈકાલે કાળીડુંગરી ગામના લક્ષ્મણ સેન્ડા પટેલ પરિવાર સાથે સુઈ ગયાં હતાં અને રાત્રીના બારેક વાગ્યાના આસપાસ ઘરની બહાર નીકળેલ અને ઘરે ઓસરીમાં જોયુ તો તેમની છોકરી જોવા મળી ન હતી. જેથી ઘરના સભ્યોએ આજુબાજુમાં તપાસ કરતાં કોઈ જગ્યાએ આ છોકરીનો પત્તો મોડી રાત સુધી નહીં મળતાં ઘરે આવીને બધા સુઈ ગયાં હતા. બીજે દિવસે સવારે નવેક વાગ્યાના સુમારે ફળિયાના છોકરાઓ પશુ ચરાવવા માટે ગામની સીમ તરફની ડુંગરી બાજુ જતાં ત્યાં પથ્થરો ઉપર આ છોકરી અને ગામનો અને ફળિયાનો છોકરો નામે કીરીટ પર્વત સુઈ રહેલ જોવા મળ્યાં હતા. જેથી ગોવાણીયા છોકરા દોડીને ઘરે આવીને વાત કરતાં ત્યાં જઈને જોયુ ત્યારે બંન્ને જણા મરણ ગયેલ હાલતમાં પડેલ હતાં અને બંન્નેના મોંઢામાંથી ફીણ નીકળતું હતું અને તેમની નજીક એક દવાની બોટલ પણ મળી આવી હતી. જેથી બનાવ અંગે મરણ જનાર છોકરીના કાકા રમણ પ્રતાપ પટેલે દેવગઢ બારીઆ પોલીસ મથકે જાણવા જોગ આપતાં બંન્ને જણાએ ઝેરી દવા પીને આત્મહત્યા કરી હોવાનો ગુનો નોંધી પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાને પગલે બંન્નેના પરિવારજનો ઘટના સ્થળ પર દોડી આવ્યાં હતાં અને ગ્રામજનો પણ ઘટના સ્થળ પર ઉમટી પડ્યાં હતાં. ઘટનાને પગલે સ્થળ પર પરિવારજનોમાં આક્રંદનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતાં પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને બંન્નેના મૃતદેહોનો કબજો લઈ નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દેવામાં આવ્યાં હતાં.

જાણવા મળ્યાં અનુસાર આ બનાવમાં મૃતક યુવતીના લગ્ન બે દિવસ પહેલા જ થયાં હતાં. કદાચ યુવકના પ્રેમ સંબંધના કારણે અન્ય સ્થળે લગ્ન કરી દેવાની ઘટનાને પગલે યુવતીએ યુવક-યુવતી આ પગલું ઉઠાવ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું અને એકબીજાના ગળાડુબ પ્રેમમાં આવી એકબીજા વગર રહી નહીં રહી શકવાના કારણે બંન્નેએ પોતાનું જીવન ટુંકાવી લેવાના નિર્ણય સાથે બંન્નેએ ઝેરી દવા ગટગટાવી મોતને વ્હાલુ કર્યું હોવાની ચર્ચા પણ થવા પામી છે.

# દે.બારીયા કોલેજ પાછળ દિપડો દેખાતા લોકોમાં ફફડાટ



દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાં કોલેજની પાછળ એક દિપડો લટાર મારતો જોવાતાં પંથકમાં ફફડાટ ફેલાયો છે. સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ જતાં અને વિડીયો સોશિયલ મીડીયામાં વાઈરલ થતાં લોકોમાં દિપડાની દેખાથી ભયનો માહોલ પણ જોવા મળ્યો હતો.

દાહોદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારો મોટા ભાગે વન્ય પ્રાણીઓ જોવા મળી રહ્યાં છે. ભુતકાળમાં દિપડા જેવા વન્ય પ્રાણીઓ દ્વારા માનવ જાત ઉપર હુમલો પણ કર્યો હતો અને જેમાં કેટલાંક લોકો મોતને ભેટ્યાં હતાં તો કેટલાંક લોકોને ઈજાઓ પણ થવા પામી હતી. ત્યારે ગતરોજ દેવગઢ બારીઆ નગરમાં આવેલ એક કોલેજની પાછળ એક દિપડો જોવા મળતાં લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. દેવગઢ બારીઆ ડુંગરાળ વિસ્તાર છે અને તેમાંય ખાસ કરીને દિપડા જેવા વન્ય પ્રાણીઓ વસવાટ કરે છે. હાલ ઉનાળાની કાળઝાળ ગરમીના કારણે વન્ય પ્રાણીઓ પણ પાણીની શોધમાં શહેર તરફ દિપડા જોવા મળી રહ્યાં છે. વન વિભાગ દ્વારા આ વન્ય પ્રાણીઓ માટે પાણીના અનેક જગ્યાએ હોજ (હવાડા) બનાવવામાં આવ્યાં છે. દેવગઢ બારીઆ નગરની કોલેજની પાછળ દિપડો જોવાતાં ડિપડાનો વિડીયો કેમેરામાં કેદ થઈ જવા પામ્યો હતો અને સોશિયલ મીડીયામાં વાઈરલ પણ થવા પામ્યો હતો.

# ઝાલોદના ટ્યુશન કલાસીસના સંચાલકે સગીરાનો બાથરૂમનો વિડીયો બનાવી બ્લેકમેલ કરી અવાર-નવાર દુષ્કર્મ કરતાં પોલીસ ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરનો ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં એક ટ્યુશન ક્લાસીસના સંચાલક દ્વારા એક ૧૭ વર્ષીય સગીરાનો બાથરૂમનો વિડીયો મોબાઈલ ફોનમાં ઉતારી સગીરાને બ્લેકમેઈલ કરી તેણીની મરજી વિરૂધ્ધ અવાર નવાર બળાત્કાર ગુજારતો હતો અને આખરે હિંમ્મત દેખાડી આ મામલે સગીરાએ પોલીસ મથકે આવી ટ્યુશનના સંચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાંવતાં પોલીસે સંચાલકની અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળી રહ્યું છે.

ઝાલોદ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરા ઝાલોદ નગરમાં આવેલ હેતા ટ્યુશન કલાસીસમાં કોચીંગ કરતી હતી. ટ્યુશન ક્લાસીસ દરમ્યાન એક દિવસ સગીરા લઘુશંકા માટે ટ્યુશન ક્લાસીસના બાથરૂમમાં ગઈ હતી. જ્યાં હેતા ટ્યુશન ક્લાસીસનો સંચાલક નૈનેશભાઈ ભુરજીભાઈ ડામોરે પોતાના મોબાઈલ ફોનમાં આ લઘુશંકા માટે જતી સગીરાનો વિડીયો બાથરૂમમાં ઉતારી લીધો હતો અને ત્યા બાદ સગીરાને મળી આ વિડીયો તેને બતાવી સગીરાને અવાર નવાર બ્લેકમેઈલ કરવા લાગ્યો હતો અને ધાકધમકી પણ આપવા લાગ્યો હતો. ત્યારે તારીખ ૧૪મી ફેબ્રુઆરીના રોજ નૈનેશભાઈ દ્વારા સગીરાને કહેલ કે, તું શરીર સંબધ નહીં બાંધવા દે તો હું તારો અશ્લિલ વિડીયો વાઈરલ કરી દઈશ, તેવી ધાકધમકીઓ આપી સગીરાની મરજી વિરૂધ્ધ ટ્યુશન કલાસમાંજ અવાર નવાર સગીરા ઉપર બળાત્કાર ગુજારતો રહ્યો હતો. આખરે હારી થાકેલી સગીરાએ આ મામલે પોતાના પરિવારજનોને વાત કરતાં પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને ગતરોજ સગીરાને લઈ પરિવારજનો ઝાલોદ પોલીસ મથકે આવી ટ્યુશન કલાસીસના સંચાલક નૈનેશ ભુરજીભાઈ ડામોર વિરૂધ્ધ બળાત્કારનો ભોગ બનેલ સગીરાએ પોલીસમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના કોટંબી ગામે લગ્ન પ્રસંગમાં મુદ્દત પુરી થયેલ લાયસન્સવાળી બંદુક માંથી ફાયરીંગ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના કોટંબી ગામે એક ઈસમ દ્વારા પોતાના પૌત્રના લગ્ન પ્રસંગમાં મુદત પુરી થયાંની લાયસન્સવાળી બંદુકથી જાહેરમાં હવામાં ફાયરીંગ કર્યાની ઘટનાને પગલે આ વિડીયો વાયુવેગે સોશિયલ મીડીયામાં ફેલાઈ જતાં મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખી ધાનપુર પોલીસે ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગત તા.૨૧મી મેના રોજ કોટંબી ગામે કાચલા ફળિયામાં રહેતાં ૬૫ વર્ષીય ભારૂભાઈ ભેમાભાઈ ખાબડના પૌત્રના લગ્ન હોઈ અને જેમાં ભારૂભાઈએ પોતાની પાસે રહેલ હથિયાર જેની લાયસન્સ મુદત તારીખ ૩૧.૧૨.૨૦૨૧ના રોજ પુર્ણ થઈ ગઈ હોય અને તેના વડે લગ્ન પ્રસંગમાં જાહેરમાં હવામાં બેદરકારી પુર્વક ફાયરીંગ કરતાં લગ્ન પ્રસંગમાં હાજર તમામ લોકો એકક્ષણે સ્તબ્ધ થઈ ગયાં હતાં અને આ સમગ્ર ઘટનાનો વિડીયો કોઈકે પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી સોશીયલ મીડીયામાં વાઈરલ કરી દેતાં જોતજોતમાં વિડીયો સોશીયલ મીડીયામાં જિલ્લા ભરમાં વાઈરલ થઈ ગયો હતો અને આ વિડીયો પોલીસને પણ મળતાં પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ વિડીયોના આધારે તપાસનો ધમધમાટ આરંભ કરતાં આ વિડીયો ધાનપુર તાલુકાના કોટંબી ગામનો હોવાનું સામે આવ્યું હતુ અને આ સંબંધે ધાનપુર પોલીસે ભારૂભાઈ ખાબડ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જાંબુઆ ગામે કપડાં ધોવા ગયેલ બે બાળકીઓના તળાવમાં ડૂબી જતાં મોત



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાના જાંબુઆ ગામે તળાવમાં કપડાં ધોઈ તળાવમાં ન્હાવા જતાં તળાવમાં ડૂબી જતાં બે બાળકીઓના મોત નિપજ્યા હતા. ગરબાડા તાલુકાના જાંબુઆ ગામના તોરણ ફળિયામાં રેહતી ૧૨ વર્ષીય શિવાનીબેન રાહુલભાઈ ભાભોર અને ૧૧ વર્ષીય રાધિકાબેન ભલાભાઈ ભાભોર જાંબુઆ ગામમાં આવેલ તળાવમાં કપડાં ધોવા માટે ગઈ હતી. તે દરમિયાન બંને બાળકીઓ કપડાં ધોઈ ન્હાવા જતાં બંને બાળકીઓ એકાએક તળાવમાં ડૂબી જતાં બને બાળકીઓનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ સ્થાનિક લોકોને થતાં લોકો દ્વારા બાળકીઓના મૃતદેહ ને બહાર કાઢ્યો હતો અને ગરબાડા પોલીસને જાણ કરતાં ગરબાડા પોલીસ ઘટના સ્થળે પહોંચી બાળકીઓના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી. ગરબાડા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી એક જ ફળિયાની બે બાળકીઓના કરૂણ મોત થતાં ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# પિરામલ સ્વાસ્થ્ય અને USAID દ્વારા દાહોદના જિલ્લાના આદિવાસી વિસ્તારમાં ક્ષય રોગની તપાસ અને કોવિડ જાગૃતિ માટે ૬ વાહનોને ફ્લેગ ઓફ કર્યા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને આદિજાતિ કલ્યાણ મંત્રાલયના સંયુક્ત નેજા હેઠળ ટી.બી. મુક્ત ભારત અભિયાન હેઠળ પિરામલ સ્વાસ્થ્ય અને USAID દ્વારા જિલ્લામાં ક્ષય રોગ નાબૂદી માટે તાલુકામાં ટીબીના દર્દી શોધવા અને કોવિડ જાગૃતિ ફેલાવવા માટે વાહનો મોકલવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પટેલ દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

તેનો હેતુ પિરામલ સ્વાસ્થ્ય ટીમ અને દરેક ગામમાં આરોગ્ય વિભાગના કર્મચારી દ્વારા દરેક ઘરે દસ્તક આપીને ક્ષયના દર્દીઓની ઓળખ અને કોવિડ જાગૃતિ સુનિશ્ચિત કરવાનો છે. આ સાથે ક્ષયના દર્દીઓની ઓળખ કરી સંપૂર્ણ સારવાર આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સી.આર.પટેલ, જિલ્લા ક્ષય અધિકારી ડો.પી.વી.સોની, મેડિકલ ઓફિસર ડો. અમરસિંહ ચૌહાણ, ડો.પહાડીયા, તાલુકા હેલ્થ ઓફિસર, જિલ્લા ટીબી ઓફિસ સ્ટાફ તેમજ પિરામલ સ્વાસ્થ્ય સંસ્થાના કર્મચારીઓએ હાજરી આપેલ તેમજ પિરામલની ટીમને ગ્રાઉન્ડ લેવલ પર સહકાર આપવાની ખાતરી પણ આપી હતી.

# ધાનપુરના પાવ ગામે જમીનની તકરારમાં સાત ઈસમોએ પથ્થરો અને લાકડી વડે હુમલો કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પાવ ગામે જમીન સંબંધી અદાવતે મહિલા સહિત સાત ઈસમોના ટોળાએ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી એક વ્યક્તિને લાકડી વડે, છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ચકચાર મચી જવા પામ્યો હતો.

ગત તા.૨૨મી મેના રોજ પાવ ગામે છાપરી ફળિયામાં રહેતાં નાનજીભાઈ મનજીભાઈ ડામોર, લાલાભાઈ તેરસીંગભાઈ ડામોર, તેરસીંગભાઈ મનજીભાઈ ડામોર, પ્રવિણભાઈ મથુરભાઈ ડામોર, સુકલીબેન નાનજીભાઈ ડામોર, દિનેશભાઈ નાનજીભાઈ ડામોર અને પર્વતભાઈ સબુરભાઈ ડામોરનાઓએ જમીન સંબંધી અદાવતે ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી પોતાના ગામમાં રહેતા લક્ષ્મણભાઈ ગોબરભાઈ ડામોરના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તું અમને મકાન બાંધવા માટે જમીન કેમ નથી આપતો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને લક્ષ્મણભાઈને લાકડી વડે, છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે માર મારી ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હતી.

આ સંબંધે ઈજાગ્રસ્ત લક્ષ્મણભાઈ ગોબરભાઈ ડામોરે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ સ્ટેશન રોડ ઉપર દુધના વેપારીના ૭૦ હજાર રોકડની બેગ લઈ ગઠીયો ફરાર

દાહોદ,

દાહોદ શહેરમાં સ્ટેશન રોડ પર એક દુધ વેચતાં વેપારીની ૭૦ હજાર રોકડા ભરેલ બેગ અજાણ્યો ગઠીયો વેપારીની નજર ચુકવી રોકડા રૂપીયા ભરેલ થેલી લઈ નાસી જતાં આ સમગ્ર ઘટનાનો વિડીયો નજીકમાં આવેલ સીસીટીવીમાં કેદ થઈ જતાં ગઠીયાને પકડી પાડવા પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

ગતરોજ દાહોદ શહેરના સ્ટેશન રોડની સામે રાબેતા મુજબ એક દુધના વેપારી પોતાનું વેચાણ કરી રહ્યાં હતાં ત્યારે એક અજાણ્યો ઈસમ ત્યાં આસપાસમાં ફરતો હતો અને દુધના વેપારીની નજર ચુકવી રોકડા રૂપીયા ૭૦ હજારની રકમની થેલી લઈ ફરાર થઈ ગયો હતો. થોડીવાર સુધી વેપારીને પોતાની રોકડા રૂપીયા ભરેલ થેલી ન જોવાતાં બુમાબુમ થઈ ઉઠી હતી અને ઘટના સ્થળ પર લોકટોળા પણ ઉમટી પડ્યાં હતાં. સમગ્ર મામલે નજીકમાં આવેલ સીસીટીવી કેમેરાની તપાસ કરતાં અજાણ્યો ચોર ઈસમ આ રોકડા રૂપીયા ભરેલ થેલી લઈ જતો જોવા મળ્યો હતો. ભર બજારમાં ચીલઝડપની ઘટનાને પગલે વેપારી વર્ગમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે સમગ્ર મામલે સ્થાનીક પોલીસ દ્વારા ચોર ઈસમનું પગેરૂ મેળવવા તપાસ હાથ ધરી છે.

# સીંગવડના પસાયતા ગામે રોડ સાઈડમાં બાઈક લઈ ઉભેલ બે યુવકોને અન્ય બાઈક અડફેટમાં લેતાં એક યુવકનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના પસાયતા ગામે રસ્તાની સાઈડમાં મોટરસાઈકલ લઈ ઉભેલા બે યુવકોને સામેથી આવતી એક મોટરસાઈકલના ચાલકે અડફેટમાં લેતાં એકનું મોત નીપજ્યાંનું જ્યારે એકને શરીરે ઈજો પહોંચ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૨૪મી મેના રોજ સીંગવડ તાલુકાના વણઝારીયા ગામે રહેતાં અર્જુનભાઈ તથા સચીનભાઈ જશવંતભાઈ પટેલ બંન્ને પોતાના કબજાની એક મોટરસાઈકલ સાથે પસાયતા ગામે રસ્તાની સાઈડમાં ઉભા હતાં. આ દરમ્યાન સામેથી અન્ય એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રસ્તાની સાઈડમાં ઉભેલા અર્જુનભાઈ અને રાહુલભાઈને જોશભેર ટક્કર મારતાં અર્જુનભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતા. જ્યાં સારવાર દરમ્યાન અર્જુનભાઈનું મોત નીપજ્યું હતું. જ્યારે રાહુલભાઈને શરીરે ઈજાઓ પહોંચતાં તેઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ સંબંધે સીંગવડ તાલુકાના વણઝારીયા ગામે રહેતાં અમરસીંગભાઈ મોતીભાઈ પટેલે રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડા કાળિયારાઈ જંગલમાંથી અસ્થિર મગજની મહિલાને પોલીસે પરિવારને સોંપી

લીમખેડા,

કાળિયારાઈ જંગલમાં મધ્યરાત્રિએ ફરતી મળેલી અસ્થિર મગજની મહિલાને પોલીસ મથકે લાવીને પુછપરછ કરતા તે રાજસ્થાનની હોવાનુ બહાર આવ્યુ હતુ. રણધિકપુર પોલીસના માનવિન અભિગમથી ત્રણ માસથી ગુમ મહિલાને પરિવારને સોંપી હતી. રણધિકપુરના પી.એસ.આઈ. ડી.જી. વહોનિયા નાઈટ પેટ્રોલિંગમાં હતા દરમિયાન કાળિયારાઈના જંગલ વિસ્તારમાં રસ્તા ઉપર તેમને એક મહિલા દયનીય હાલતમાં ફરતી જોવા મળી હતી. પુછપરછ કરતા મહિલા અસ્થિર મગજની હોવાનુ બહાર આવ્યુ હતુ. જંગલી જનાવરોનો ભય હોવાથી મહિલાને પોલીસ મથકે લાવીને ટીમના સભ્યો સાથે રાખીને પુછપરછ કરાઈ હતી. ત્યારે આ મહિલા રાજસ્થાનના મોનાડુંગરી ગામના વેલાભાઈ મોતીભાઈ ભાભોરની પત્નિ મેમલાબેન હોવાનુ જણાયુ હતુ. આ બાબતે ઝાલોદ પોલીસને જાણ કરતા મોનાડુંગરીના સરપંચના ભાઈ મોતીલાલ ડામોર સાથે વાત થઈ હતી જેમાં મેમલાબેન છેલ્લા ત્રણેક માસથી કોઈને કહ્યા વગર કયાંક જતા રહ્યા હોવાનુ જાણવા મળ્યુ હતુ. પોલીસે તેમના પરિવારને રણધિકપુર બોલાવીને મહિલાનો કબ્જો સોંપ્યો હતો.

# માતા-પિતા પર ત્રાસ ગુજારનાર સંતાનો ઘર અને સંપત્તિમાંથી બહાર થશે

હરિદ્વાર,

માતા-પિતાની સેવા કરવાને બદલે તેમને હેરાન કરતા સંતાનોએ સાવધાન રહેવાની જરૂર છે. હરિદ્વાર એસડીએમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતાં આવા છ વડીલોના બાળકોને તેમના માતા-પિતાની મિલકતમાંથી હાંકી કાઢીને એક મહિનાની અંદર ઘર ખાલી કરવાનો આદેશ આપ્યો છે. જો કોર્ટના આદેશનું પાલન ન થાય તો પોલીસ પ્રશાસનને જરૂરી કાર્યવાહી કરવા જણાવાયું છે. માતા-પિતા અને વરિષ્ઠ નાગરિક ભરણ પોષણ અને કલ્યાણ અધિનિયમ હેઠળ, કોઈપણ વ્યક્તિ તેના બાળકો વિરુદ્ધ એસડીએમકોર્ટમાં દાવો દાખલ કરી શકે છે. એક્ટની કલમ હેઠળ એસડીએમ વતી સુનાવણી કર્યા પછી બાળકોને તેમની મિલકતમાંથી બેદખલ કરવામાં આવે છે. આવા છ વડીલો વતી હરિદ્વાર એસડીએમ કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો હતો. એસડીએમ પુરણ સિંહ રાણા આ કેસોની સુનાવણી કરી રહ્યા હતા. જ્વાલાપુર, કંખલ અને રાવલી મેહદુદના વડીલો વતી કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો હતો કે તેમના સંતાનો તેમની સાથે રહે છે, પરંતુ ન તો તેમની કોઈ સેવા કરે છે અને ન તો તેમને ભોજન પૂરું પાડે છે. ઉલટું, તેઓને માર માર્યો અને ત્રાસ આપ્યો. જેના કારણે તેમનું વૃદ્ધાવસ્થાનું જીવન નર્ક બની ગયું છે. વરિષ્ઠ નાગરિકોએ તેમના સંતાનો પાસેથી રાહત મેળવવા માટે કોર્ટમાં અપીલ કરી હતી, તેમની સ્થાવર અને જંગમ મિલકતમાંથી બેદખલ કરવાની અને તેમને તેમના ઘરમાંથી કાઢી મૂકવાની માંગ કરી હતી. વડીલોની અરજી સાંભળીને એસડીએમ પુરણ સિંહ રાણાએ તમામ છ કેસમાં સંતાનોને માતા-પિતાની મિલકતમાંથી બહાર કરવાનો નિર્ણય આપ્યો છે. આ સાથે ૩૦ દિવસમાં ઘર ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. નિર્ણયમાં કહેવામાં આવ્યું છે કે જો આ લોકો ઘર ખાલી નહીં કરે તો સંબંધિત સ્ટેશન ઈન્ચાર્જને આ મામલે કાર્યવાહી કરવા માટે કહેવામાં આવ્યું છે. એસડીએમ કોર્ટમાં એવા પણ કેટલાક કેસ ચાલી રહ્યા છે, જેમાં છેતરપિંડીથી તેના માતા-પિતાની સંપત્તિ તેના નામે કરી લેવામાં આવી છે અને તેમના તરફથી વડીલોને હેરાન કરવામાં આવી રહ્યા છે. એસડીએમ પુરણ સિંહ રાણાએ કહ્યું કે આવા કેસોની સુનાવણી પણ અંતિમ તબક્કામાં ચાલી રહી છે. ટૂંક સમયમાં આવા કિસ્સાઓમાં માતાપિતા પાસેથી ટ્રાન્સફર કરાયેલી જમીન રદબાતલ ગણવામાં આવશે. આ અંગે સંપૂર્ણ સુનાવણી બાદ કોર્ટ દ્વારા વહેલી તકે નિર્ણય આપવામાં આવશે.

# ગરબાડાના રામનાથ મહાદેવ મંદિર તળાવની પાળની બાજુમાં સંરક્ષણ દિવાલો અને બેઠક વ્યવસ્થાની માંગ

ગરબાડા,

ગરબાડા નગરના રામનાથ મહાદેવ મંદિરથી હનુમાનજી મંદિર સુધીની પાળ બન્યાને વર્ષો વિતી ગયા છે જેથી તેની આસપાસ સંરક્ષણ દિવાલ અને ગેટ તથા બેઠક વ્યવસ્થા કરવા ગ્રામજનોએ માંગ કરી છે.

વર્ષ–૧૯૮૭ની સાલમાં રાહત કામમાં આ પાળ ઉપર માટી નાંખી તેનુ મેઈન્ટેનન્સ કરવામાં આવ્યુ હતુ તે બાદ તેની મજબુતાઇ માટે કોઈપણ જાતની કામગીરી કરવામાં આવી ન હતી. પાળની એક તરફ તળાવ છે તો બીજી તરફ નવા ગામ તરફ જવાનો રસ્તો છે. ગ્રામ પંચાયત દ્વારા પાળની આજુબાજુ સંરક્ષણ દિવાલ બનાવી રોડ ઉપર બંને બાજુ ફુલ છોડ અને વૃક્ષો લગાવી ગ્રામજનો માટે બેસવાના બાંકડા અને હનુમાનજી મંદિર પાસે ગેટ મુકવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. ગેટ મુકવામાં આવે તો મંદિરોની આસપાસ ચાલતી અસામાજિક પ્રવૃત્તિઓ પણ બંધ થાય તેવી રજુઆત કરવામાં આવી છે. ગ્રામજનો દ્વારા ગરબાડા મંદિર પરીસર અને રામનાથ તળાવના બ્યુટિફિકેશન માટે સ્થાનિક અને જિલ્લાકક્ષાએ અનેકવાર રજુઆતો કરી છે. પરંતુ આજદિન સુધી તેઓની રજુઆત બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેથી ગ્રામજનો દ્વારા ફરી એકવાર તળાવની સુંદરતા માટે માંગ કરવામાં આવી છે.

# ગુજરાતમાંથી મેળવેલી નકલી ડીગ્રીથી ૧૧ લોકોએ ગુમાવી નોકરી

અમદાવાદ,

ચૌધરી ચરણ સિંહ યુનિવર્સિટીની નકલી ડિગ્રીના આધારે ૧૧ યુવકોએ બિહાર ટેકનિકલ સર્વિસ કમિશનમાં ફિશરીઝ ડેવલપમેન્ટ ઓફિસરની પોસ્ટ પર નોકરી લીધી હતી, પરંતુ જ્યારે ડિગ્રીની ચકાસણી કરવામાં આવી તો સમગ્ર મામલો સામે આવ્યો. આ બાબતની પોલીસમાં ફરિયાદ થતાં પોલીસે યુનિવર્સિટી દ્વારા ખરાઈ કરાવતાં ડિગ્રી નકલી હોવાનું જણાયું હતું. તે જ સમયે, ગુજરાતના નર્મદા જીલ્લાના એક સેન્ટરમાંથી સીસીએસયુના નામે નકલી ડિગ્રીઓ ૩૦ થી ૪૦ હજાર રૂપિયામાં વેચાઈ રહી હતી. આવા જ ત્રીજા કેસમાં, ગુજરાતના ગાંધી નગરમાં એક સેન્ટર CCSUના નામે નકલી ડિગ્રીઓનું વિતરણ કરી રહ્યું હતું. અહીં ૧૦ ડિગ્રી માર્કશીટ નકલી મળી આવી છે.

જ્યારે કોઈ યુવકને સરકારી કે ખાનગી નોકરી મળે છે ત્યારે તેના પ્રમાણપત્રોની સંબંધિત યુનિવર્સિટી દ્વારા ચકાસણી કરવામાં આવે છે. ચૌધરી ચરણસિંહ યુનિવર્સિટીમાં દરરોજ ૩૦ થી ૪૦ ડિગ્રી-માર્કશીટ ચકાસણી માટે આવે છે. તાજેતરના દિવસોમાં ચકાસણીમાં બહાર આવ્યું છે કે છેતરપિંડી કરનારાઓ કોમ્પ્યુટરમાંથી યુવાનોને CCSU માર્કશીટ-ડિગ્રીઓની ચોક્કસ નકલો બનાવે છે અને આપે છે. આ નકલી ડિગ્રીના આધારે યુવાનો નોકરી માટે અરજી કરે છે, પરંતુ તેઓ વેરિફિકેશનમાં ફસાઈ જાય છે.

બિહારમાં પણ ડિગ્રીના વેરિફિકેશન દરમિયાન આવા યુવકો ઝડપાયા છે. અહીં ૨૦૨૧માં ટેકનિકલ સર્વિસ કમિશને ફિશરીઝ ડેવલપમેન્ટ ઓફિસરની જગ્યાઓ માટે ભરતી કરી હતી. જેમાં ૧૦ ઉમેદવારોએ CCSUના નામે નકલી માર્કશીટ-ડિગ્રીઓ લગાવીને નોકરી મેળવી હતી, પરંતુ આ તમામ લોકો હવે નકલી ડિગ્રી લગાવવાના કેસમાં ઝડપાયા છે.

ગુજરાતના રાજપીપળા નર્મદા પોલીસ સ્ટેશને એક ગેંગને પકડી પાડી છે જે યુવકો પાસેથી પૈસા લઈને નકલી ડિગ્રી મેળવતી હતી. ટોળકી પાસેથી ૧૦૦ નકલી ડિગ્રી-માર્કશીટ મળી આવી હતી. આ ઉપરાંત ગુજરાતના ગાંધીનગરમાં બરુઆ ટ્યુટોરીયલ સેન્ટર પણ CCSUના નામે નકલી ડિગ્રીઓનું વેચાણ કરતું હતું. અહીંથી મળેલી ૧૦ ડિગ્રી નકલી હોવાનું જાણવા મળ્યું છે. કોઈપણ વ્યક્તિ ૩૫૦ રૂપિયા ચૂકવીને ડિગ્રી અથવા માર્કશીટ ચકાસી શકે છે. એવા ઘણા લોકો છે જેઓ લગ્ન માટેના પ્રમાણપત્રો પણ ચકાસી લે છે કે યુવકે આપેલી ડિગ્રી નકલી છે કે નહીં.

# સંજેલીના પુષ્પ સાગર તળાવમાંથી ગેરકાયદેસર માટીનું ખનન

સંજેલી,

સંજેલી પુષ્પ સાગર તળાવ હાલ ઉનાળાના સમયે ખાઈ થઈ ગયુ છે. ત્યારે સંજેલી તેમજ આસપાસના ભુમાફિયાઓ દ્વારા કોઈ પણ જાતની તંત્રની જાણકારી વિના કે પરમીશન લીધા વિના બારોબાર ખોદકામ કરી માટી કાઢવામાં આવી રહી છે. પુષ્પ સાગર તળાવ બે પંચાયતોમાં વહેંચાયેલુ છે. છેલ્લા પાંચ દિવસથી આ તળાવની અંદર સ્થાનિકો દ્વારા બારોબાર કોઈપણ જાતની પરમીશન વિના માટી ખનન કરવામાં આવી રહી છે. અને તેનો પુરાણ કરવાના ઉપયોગમાં લેવામાં આવે છે. નિયમ મુજબ સરકારી જમીનમાંથી માટી કે પથ્થર કાઢવા માટે જરૂરી તંત્રની પરવાનગી લેવાની હોય છે પણ અધિકારીઓ સાથે વાત કરતા તેઓએ જણાવ્યુ હતુ કે, આ પુષ્પ સાગરમાંથી માટી કાઢવા માટે કોઈપણ જાતની પંચાયત તંત્રની પરવાનગી લેવામાં આવી નથી અને આ કે પણ ખોદકામ કરીને માટી કાઢવામાં આવે છે તે ગેરવ્યાજબી છે. જાગૃત નાગરિકોની માંગ એવી છે કે આવા લોકો પર કડક કાર્યવાહી કરવી જોઈએ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.233

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## વેજલપુર ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં બેધારી નીતિ

# એક તરફ ગટર લાઈનની પાઈપો સાથે પીવાના પાણીની PVC પાઈપો લગાવતાં ગ્રામજનોમાં રોષ




તસ્વીર : નુર બાલા, વેજલપુર

- વિકાસલક્ષી કામોના વર્ક ઓર્ડર એસ્ટીમેન્ટ કોપી પંચાયત બોર્ડ કેમ લગાવતી નથી.
- વેજલપુર ગ્રામ પંચાયતમાં ચાલતાં કામોની ગુણવત્તાની તપાસ TDO કરે તેવી માંગ.
- ગ્રામ પંચાયતમાં ચાલતા વિકાસના કામોની વર્ક ઓર્ડર અને એસ્ટીમેન્ટની જાણકારી ન આપવાનો નિયમ આવ્યો હોય તેવા કટાક્ષ.

ગોધરા,
કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં ચોરા થી માળીના ઢાળ સુધી ગટર લાઈનની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં બે ફુટની સિમેન્ટની પાઈપો નાખવામાં આવી રહી છે. સિમેન્ટની ગટર લાઈનની પાઈપોના સાંધા ભરવામાં આવતા નથી. બાજુમાં પાણીની પાઈપ લાઈન પસાર થતી હોય ત્યારે ભવિષ્યમાં ગટર લાઈનનું પાણી પીવાના પાણી સાથે ભળવાની શકયતા નકારી શકાય નહી ત્યારે કાલોલ તાલુકા પંચાયત દ્વારા યોગ્ય કામગીરી થાય તેનું ધ્યાન આપે તે જરૂરી છે.

કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં થોડા સમય પહેલા મેન બજાર હોળી ચકલા વિસ્તારમાં ગટર લાઈનની કામગીરી કરવામાં આવી હતી. આ ગટર લાઈન માટે એક ફુટની પી.વી.સી.ની પાઈપો ઉપયોગમાં લેવાઈ હતી. જયારે હાલમાં ચોરા થી માળીના ઢાળ સુધી ગટર લાઈનની કામગીરી મંજુર થયેલ છે અને આ ગટર લાઈન માટે દોઢ થી બે ફુટની સિમેન્ટની પાઈપો નાખવામાં આવી છે. ગટર લાઈનની સાથે પીવાના પાણીની પાઈપ લાઈનની કામગીરી કરાઈ છે. ગટર લાઈનનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. બાજુમાં પાણીના પાઈપ લાઈનનું કામ ચાલું છે. નિયમોનુસાર ગટર લાઈનની નીચે સી.સી.કોંક્રિટ કે અન્ય સુરક્ષા કવચ કરવામાં આવેલ નથી. સિમેન્ટની પાઈપોની નીચેના ભાગના સાંધાના ભાગે સિમેન્ટની જોડવામાં આવ્યા નથી. જેના કારણે ગટર લાઈનની પાઈપો માંથી ગંદુ પાણી લીંક થાય અને પીવાના પાણીની લાઈનમાં ભળવાની શકયતાઓ રહેલી છે. વેજલપુર ગ્રામ પંચાયતમાં મળતીયા કોન્ટ્રાકટરોને કામગીરી સોંપીને તકલાદી અને ગુણવતાવાળી કામગીરી કરાઈ રહી નથી. ત્યારે કાલોલ તાલુકા ટી.ડી.ઓ. અને તાલુકા પંચાયત એસ.ઓ. દ્વારા વિકાસલક્ષી કામો અંતર્ગત ચાલતી કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવતું નથી. અધિકારીઓ ઓફિસમાં બેસીની સ્થળ નિરીક્ષણ વગર બીલો પાસ કરી દેવામાં આવે છે. વેજલપુર પંચાયતમાં ચાલતા ગટર લાઈનના કામમાં નિયમોનું પાલન થતું ન હોવા અંગે તાલુકા વિકાસ અધિકારીનું ધ્યાન દોરવામાં આવ્યું. સાથે પંચાયતમાં ચાલતા કામો અંગે કોઈ એસ્ટીમેન્ટ વર્ક ઓર્ડર આપવામાં આવતો નથી. અધિકારી અને તાલુકા પંચાયત એસ.ઓ. દ્વારા વર્ક ઓર્ડર અને એસ્ટીમેન્ટની માહિતી નહી આપી પંચાયત પાસેથી મેળવી લેવાની સુફિયાણી સલાહ આપવામાં આવે છે. વેજલપુર પંચાયતમાં ચાલતા વિકાસના કામોમાં કોન્ટ્રાકટર દ્વારા કરતા હલ્કી ગુણવતાના કામની તપાસ નહી કરવી તે આવા લેભાગું કામોને સમર્થન કરતા હોવાનું ફલિત થાય છે. ત્યારે તાલુકા વિકાસ અધિકારી વેજલપુર પંચાયતમાં ચાલતા ગટર લાઈનની કામની તપાસ કરાવામાં રસ દાખવે તે જરૂરી છે.

## દાહોદની રે.સર્વે નં.૮૭૮ પૈકી ૩ વાળી જમીન NAના હુકમ કરતાં પહેલા

# તત્કાલીન જીલ્લા વિકાસ અધિકારીએ ૭૩ એ.એ.ના નિયમો નહીં જોઈ ગેરશિષ્ત કરેલ હોય તેની સામે મહેસુલ વિભાગ કાર્યવાહી કરે તેવી માંગ

ગોધરા,
ગુજરાત રાજ્ય સરકાર દ્વારા બોગસ ખેડુતોના કિસ્સા તથા અન્ય પ્રકારની જમીનો ગેરકાયદેસર રીતે ભુમાફિયાઓ દ્વારા દાહોદ કસ્બાના રે.સ.નં.૮૭૮ પૈકી ૩ જે જમીનો ખુબ જ મોટા પ્રમાણમાં દાહોદ તથા ગોધરાના ભુમાફિયાઓ દ્વારા ૭૩ એ.એ. જમીનો બારોબાર સરકારી કર્મચારીઓ, અધિકારીઓએ ખુબ જ મોટાપમાણમાં નોંધ નં.૧૩૦૭૬ વાળી જમીનોમાં ખુબ જ મોટી મોટી લાંચો લઈ એકબીજા બિનખેડુતોને ફેરફાર તથા એન.એ. કરી સરકારી બાબુઓએ સરકાર સાથે વિશ્વાસઘાત કરી કોઈપણ ચકાસણી કર્યા વગર ખોટી રીતે એન.એ. તથા ગેરકાયદેસર બાંધકામો કરી ગરીબ આદિવાસીઓની જમીનો ફેરફાર કરી કરાવી બોગસ દસ્તાવેજો બનાવી બિનખેડુતોની તપાસાયા વગર નોંધ નં.૧૩૦૭૬-૭૩ એ.એ.વાળી જમીનોમાં તમામ પ્રકારની ગેરરીતિઓ જીલ્લા દાહોદ તાલુકા દાહોદમાં કરેલ છે.

આમ, દાહોદ શહેરના રે.સ.નં.૮૭૮ પૈકી ૩ વાળી જમીનમાં તાલુકા પંચાયત કચેરી દાહોદ પત્ર ક્રમાંક. તા.પં./જમન/વશી/૫૪૫ થી ૫૫૧ તા.૨૧/૧૨/૨૦૧૭ના રોજ દેસાઈ મનુભાઈ વાડીલાલ વિગેરે ગલીયાવાડ (દાહોદ કસ્બા) તાલુકા દાહોદ સર્વે નં.૮૭૮ પૈકી-૩-૭૩ એ.એ.વાળી જમીન ૪૦૦૦/-૦૦ ચો.મી. જમીનમાં રહેણાંક હેતુ માટે બિન ખેતીની અરજી તા.૧/૧૨/૨૦૧૦ રોજ આપેલ પરંતુ એન.એ.ઓર્ડર ખુબજ મોટા પ્રમાણમા લાંચ રૂશ્વત લઈ ૭૩ એ.એ.વાળી જમીનમાં તા.૨૧/૧૨/૨૦૧૭ના રોજ લાંબા ગાળે હુકમ કરવામાં આવે તેવી હુકમમાં જણાવેલ છે. પરંતુ બિનખેતીની પરવાનગી આપવા અંગે ઉપજનું પત્રક જોતાં મોજે ગળીયાવાળા (દાહોદ કસ્બા) તા.જી.દાહોદ નિગાહે લેતા અરજદાર કબજેદાર દેસાઈ ભગવાનદાસ વાડીલાલ વિગેરે સર્વે નં.૮૭૮ પૈકી-૩ ક્ષેત્રફળ ૧-૪૧-૬૪ આકાર-૦-૦૦- જમીનની સત્તા પ્રકાર જુની શરત કેટલી જમીનમાં બિનખેતી કરવાની છે. ૪૦૦૦-૦૦ કયા હેતુ માટે રહેણાંક ગામનો વર્ગ સી. વગ પ્રમાણે લેવાતા આકાર ૦-૧૦ રૂપાંતર કરતી રકમ ૮૦૦૦-૦૦ વિ-ધારો ૪૦૦-૦૦ લો.ફંડ--સિઈ-૩૦૦-૦૦-૦૦૦---૦-૦૦૦ વંચાણે તથા તાલુકા વિકાસ અધિકારીની સહી છે. જે બાબતે અભિપ્રાય બાબતે ૭૩ એ.એ. નોંધ નં. ૧૩૦૭૬ની તપાસણી નહી કરી સરકારી જે તે સમયના જીલ્લા વિકાસ અધિકારી દ્વારા ખુબ જ મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વત લઈ એન.એ. કરી આપેલ છે. જે તે અધિકારીની તપાસ થાય તો સરકારી કૌભાંડો દાહોદના બહાર આવે તેમ છે. પરંતુ બિનખેતીની પરવાનગીમાં કોઈ તારીખ નથી. હુકમ પર તારીખ દર્શાવેલ છે. અરજદારનું નામ દેસાઈ ભગવાનદાસ વાડીલાલ છે અને હુકમમાં દેસાઈ મનુભાઈ વાડીલાલ વિગેરે કરેલ છે. હુકમમાં વિગેરે કયા કયા ભુમાફિયા દાહોદના છે તેવું જીલ્લા વિકાસ અધિકારીના હુકમમાં સ્પષ્ટ નથી. અરજી કરનાર દેસાઈ ભગવાનદાસ વાડીલાલની તા.૨૧/૧૨/૨૦૧૦ છે અને હુકમમાં નામ દેસાઈ મનુભાઈ વાડીલાલનો હુકમ -૨૧/૧૨/૨૦૧૭નો છે. પ્રકરણ લાંબા સમય યાને કે ૭ વર્ષ પછી એન.એ.નો હુકમ કરવામાં આવેલ છે. રેવન્યુ રેકર્ડની નોંધ ૧૩૦૭૬-૭૩ એ.એ.વાળી ગરીબ આદિવાસીઓની જાણ બહાર કાયદા તથા રેકર્ડ રુલ્સ તથા સરકારશ્રીના વહીવટી નિયમોનો જીલ્લા વિકાસ અધિકારી દાહોદ જે તે સમયના એ સરકારી ગેરરીતિઓ કરેલ છે. જેથી કરેલ સરકારી ગેરરીતિઓ બાબતે ફોજદારી શહેર મહેસુલ વિભાગ ગાંધીનગર ટીમ નોંધ નં.૧૩૦૭૬-૭૩એ.એ.વાળી જમીનો ખુબ જ મોટા પ્રમાણની હોય ગરીબ દાહોદના આદિવાસીઓને ન્યાય મળે તેવી રજુઆતો કરવામાં ગુજરાત સરકારને કરવામાં આવેલ છે.

આમ, દાહોદ જીલ્લા કલેકટરના તમામ તાલુકાના કેટલાક બોગસ ખેડુતો બોગસ બની બેઠેલ હોય અને તમામ પ્રકારની સરકારી મિલ્કતો સરકારની જાણ બહાર ખોટા ફેરફારો ખોટા દસ્તાવેજો અંગે ગુજરાત રાજ્ય સરકારશ્રી ગાંધીનગર ટીમ દાહોદ જીલ્લા દાહોદના બિનખેડુતોની તપાસ થાય તો બોગસ ખેડુત મોટા પ્રમાણમાં મળી આવે અને તેવોની નામી અનામી મિલ્કતો સરકારશ્રી ઈન્કમટેક્ષની ચોરી બહાર આવે તેમ છે. જે મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા માતરના બોગસ ખેડુતો ૫૦૦ બહાર આવેલ છે પરંતુ દાહોદ બોગસ ખેડુતોની તપાસ થાય તો તમામ કૌભાંડ ગતની જેમ બહાર આવે તેમ છે.

## જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં દેશના યશસ્વી પ્રધાનમંત્રી ૩૧ મે ના રોજ કેન્દ્રીય યોજનાનો લાભો મેળવતા લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ યોજશે જે અંતર્ગત બેઠક યોજાઈ




ગોધરા,
આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે તારીખ ૩૧ મે ના રોજ દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી શિમલા હિમાચલ પ્રદેશ ખાતેથી દેશભરમાં કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના સરકારી લાભો મેળવતા લાભાર્થીઓ માટે વર્ચ્યુઅલ સંવાદ યોજવાના છે જેના અનુસંધાને આજ રોજ પંચમહાલ જિલ્લાના ગોધરા સેવા સદન ખાતે કલેક્ટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં અને જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ તથા ડીઆરડીએ ડાયરેકટર તબીયારની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરએ વહીવટી તંત્ર દ્વારા તમામ પ્રકારની કામગીરીની પૂર્વ તૈયારીઓ કરી લેવા સજ્જ બન્યું છે. આ અંતર્ગત આજે પંચમહાલ જિલ્લાના લાભાર્થીઓ સાથે ચર્ચા વિચારણા પણ કરવામાં આવી હતી. તો આ પ્રસંગે સરકાર ની ચાલતી વિવિધ યોજનાઓ અંતર્ગત લાભ મેળવેલ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને વહીવટી તંત્ર સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટર દ્વારા આગોતરા આયોજનના ભાગ રૂપે તમામ અધીકારીગણોને રચનાત્મક સુચનો કરી અને માર્ગદર્શન પ્રદાન કરવામાં આવ્યું હતું.

અહી નોધનિય છે કે સરકાર દ્વારા દેશભરમાં વિવિધ સરકારી યોજનાઓ જેમ કે પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી ઉજવલા યોજના,આયુષ્યમાન યોજના, પી.એમ કિસાન સન્માન નિધિ યોજના, મિશન મંગલમ યોજના, જળ જીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજના વગેરે. આ કાર્યક્રમમાં અંદાજે ૩૦૦૦ જેટલાં લાભાર્થીઓ આ કાર્યક્મમા ભાગ લેશે.

## પંચમહાલ જિલ્લાના ગોધરા સેવા સદન ખાતે કલેક્ટરની અધ્યક્ષતામા રોડ સેફ્ટી અંગે બેઠક યોજાઈ




ગોધરા,
કલેકટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામા આજ રોજ જિલ્લા સેવા સદન ખાતે રોડ સેફ્ટી કાઉન્સિલ અંગે બેઠક યોજવામાં આવી હતી. જેમાં ગત બેઠકમાં લેવાયેલ વિવિધ નિર્ણયોને આધારે જુદા જુદા વિભાગોની કામગીરીની સમીક્ષા કરીને રચનાત્મક સલાહ સુચનો આપવામાં આવ્યા હતા.

જેમાં જિલ્લા અને શહેરમાં થતા માર્ગ અકસ્માતોનું નિરીક્ષણ અને પરીક્ષણ કરવું તથા વિવિધ તારણ પરથી આ પ્રકારની સમસ્યાઓને કેવી દૂર કરવી તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે માર્ગ પર રબર સ્ટ્રીપ લગાવવા, રોડ સાઈન્સ મૂકવા, વધારાના હોર્ડિંગ્સ દૂર કરવા, ચાલુ વાહને મોબાઈલ ફોનના ઉપયોગને લઈને કાર્યવાહી, માર્ગ અને ફૂટપાથ પરના વધારાના દબાણો દૂર કરવા વગેરે મુદ્દાઓને લઈને ચર્ચા કરવામાં આવી હતી. તો આ પ્રસંગે જિલ્લા પોલીસ અધીક્ષક હીમાંશુ સોલંકી સહીત જિલ્લા વહીવટી વિભાગના તમામ અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલ કંજરી રાધે ઉપવનના મકાન માંથી ૨૩ હજારના દાગીનાની ચોરી તસ્કરોએ કરી જતાં ફરિયાદ

હાલોલ,
હાલોલ કંજરી રાધે ઉપવન પાણીયા રોડના મકાનમાં રહેતા ફરિયાદી ઘરનો દરવાજો ખુલ્લા રાખીને આંગણામાં સુઈ ગયેલ હોય દરમિયાન ખુલ્લા ઘરમાં ચોર ઈસમે પ્રવેશ કરી સોના-ચાંદીના ૨૩,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ.

હાલોલના કંજરી પાણીયા રોડ ઉપર આવેલ રાધે ઉપવનમાં રહેતા રિતેષ સુભાષ જૈન રાત્રીના સમયે ઘરનો દરવાજો ખુલ્લી રાખીને ઘરના આંગણમાં સુઈ ગયા હતા. દરમિયાન સોસાયટીના સીકયુરીટી ગાર્ડ ચોર.. ચોર..ની બુમો પાડતા સોસાયટીના રહિશો જાગી ગયા હતા. રિતેષ જૈન પોતાના ખુલ્લા ઘરમાં તપાસ કરતા સરસામાન વેરવિખેર પડયો હતો. તિજોરીમાં મુકેલ બેગ માંથી સોનાની ચેઈન, સોનાનું મંગળસૂત્ર, કાનની બુટ્ટી, ત્રણ વીંટી, ચાંદીના પાયલ, છડા બે જોડ, ચાંદીની બંગડી નંગ-૨ મળી કુલ ૨૩,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા મહારાષ્ટ્રના ચારોઠી ગામે થી ગુમ થયેલી મહિલાનું સખી વન સ્ટોપ સેન્ટરની ટીમે તેના પરિવાર સાથે કરાવ્યું સુઃખદ મિલન



ગોધરા,
એક જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન નંબર પર ફોન કરી જણાવ્યું હતું કે, હાલોલ ટોલનાકા પાસે એક અજાણી મહિલા આંટા ફેરા કરે છે. જે ફોનના આધારે અભયમની ટીમ સ્થળ ઉપર પહોંચી મહિલાનું રેસક્યુ કરી ગોધરા સીવીલ હોસ્પિટલ ખાતે આવેલા આશાદીપ ફાઉન્ડેશન સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર ખાતે સોંપવામાં આવી હતી. ત્યારબાદ સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક જય એન પંડ્યા અને સ્ટાફ દ્વારા મહિલાનું સતત કાઉનસેલીંગ કરતા મહિલા મહારાષ્ટ્ર ના ચારોઠી ગામના ડાનુ મહાલક્ષ્મી મંદિર પાસે કમળના ફુલ વેચવાનું કામ કરતા હોવાનું જણાવ્યું હતું. ત્યારે મંદિરના મહંતનો સંપર્ક કરી મહિલા વિશે માહિતી મેળવી ગુમ થયેલી મહિલા કયાંની છે, તેની ખાત્રી કરી હતી. ત્યારબાદ તેમના પરિવાર નો સંપર્ક કરતા આજે પાંચ દિવસ બાદ તેમનો પરિવાર ગોધરા સીવીલ હોસ્પિટલ ખાતે આવેલા સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મહિલાને લેવા માટે આવ્યા હતા. જયારે મહિલાને સહી સલામત જોઈ પરીવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારબાદ પરિવારજનોએ સખી વન સ્ટોપ સેન્ટરની ટીમનો આભાર માન્યો હતો.

## નાયબ કાર્યપાલક ઈજનેર ભાદર નહેર વિતરણ પેટા વિભાગ લુણાવાડા મહીસાગર જિલ્લાના સાત કામદારોને મજુર અદાલત ગોધરા દ્વારા નોકરીમાં પુનઃસ્થાપન થવા અંગે ન્યાય મળતા આનંદ છવાયો

ગોધરા,
મહિસાગર જિલ્લામાં લુણાવાડા મુકામે આવેલ નાયબ કાર્યપાલક ઈજનેર ભાદર નહેર પેટા વિભાગમાં રોજમદાર મજૂર તરીકે સને ૧૯૮૫થી ફરજો બજાવતા મથુરભાઈ પટેલિયા, જવાનભાઈ પગી, નાનાભાઈ પગી, નવા ભાઈ પગી, ભાથીભાઈ પગી, રમણભાઈ પગી, અમરાભાઈ પગી વિગેરેને સંસ્થાએ કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય નોટિસ નોટિસ પગાર બેકારી વળતર ચૂકવ્યા સિવાય મજુર કાયદાઓની જોગવાઈઓ ૨૫ એચ તથા ૨૫ એફ નો ભંગ કરી જુલાઈ ૨૦૧૧માં ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છૂટા કરી દેતાં તમામ કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના એ.એસ ભોઈ દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ ૧૦ (૧) હેઠળ નામદાર મજુર અદાલત ગોધરા સમક્ષ પડેલા દિવસોના પૂરેપૂરા સહિત તેમની મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા માટે કેસ દાખલ કરેલ જે કેસમાં કામદારો તરફી ફેડરેશનના પેનલ એડવોકેટ સંતોષ ભોઈ તથા વૈભવ આઈ.ભોઈ એ પ્રમુખના માર્ગદર્શન હેઠળ માલિક અને કામદાર તરીકેના પ્રસ્થાપિત થતાં રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ આધારિત ખૂબ જ ઊંડાણપૂર્વક ધારદાર દલીલો કરતા નામદાર મજુર અદાલતનાન્યાયાધીશ ડીજે વ્યાસે વિવાદમાં પડેલ પુરાવા દયાને લઈ કુલ ૭ કામદારો પૈકી ૬ કામદારોને તેમની મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા તથા તે પૈકીના એક કામદાર નાનાભાઈ હીરાભાઈ પગીને તેમની ૬૦ વર્ષની ઉંમર પૂર્ણ થતા હોવા કારણે તેઓને રૂપિયા ૧૫૫૦૦૦ ઉચ્ચક રકમ ચૂકવી આપવાનો આદેશ કરેલ છે. આ આદેશથી કામદારો તથા તેમના પરિવારમાં આનંદનું મોજું ફરી વળ્યું છે. આ કામદારોના થયેલા આદેશથી સિંચાઈ વિભાગ અન્ય ઘણા કામદારોને આ હુકમથી ફાયદો થશે તેવું પણ કામદાર વર્ગમાંચર્ચાનો વિષય થઈ રહ્યો છે.

## ઘોઘંબાના રીંછવાણી ગામે ટ્રક ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક સવાર દંપતિ પૈકી પત્નીનું મોત

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના રીંછવાણી ગામે બોરાણી ફળીયા રોડ ઉપર થી ટ્રકના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને અડફેટમાં લેતાં બાઈક સવાર દંપતિ પૈકી પત્નીને ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના રીંછવાણી ગામના બોરાણી ફળીયા પાસે રોડ ઉપર થી પસાર થતી ટ્રક નંબર જીજે.૨૩.વી.૨૧૨૧ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારીલ લાવ્યો હતો અને ઘોઘંબાના સાજોરા ગામે રહેતા દિનેશભાઈ બાબુભાઈ બારીયાની બાઈક નં.જીજે.૧૭.બીએમ.૮૩૧૯ને સામે ટ્રક ચાલકે અડફેટમાં લીધા હતા. જેમાં દિનેશભાઈને ઓછી વધતી ઈજાઓ થયેલ હતી. જયારે બાઈક પાછળ બેઠેલ મનિષાબેન દિનેશભાઈ બારીયાને ગંભીર ઈજાઓ થતાં સારવાર હેઠળ ખસેડતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ જૈન સમાજના ચાર દિકરીઓના મુમુક્ષુની વર્ષીદાનની ભવ્ય શોભાયાત્રા નિકળી



હાલોલ,
હાલોલ નગરના જૈન સમાજના એકજ પરિવારની ચાર દિકરીઓના દીક્ષાંત સમારોહના અગાઉના દિવસે મુમુક્ષુ ની વર્ષીદાનની ભવ્ય શોભાયાત્રા હાલોલના રાજમાર્ગો બુધવારના રોજ નીકળી હતી. હાલોલ જૈન સંઘમાં ભવ્ય ચાતુર્માસ ૩૦૦ સિદ્ધિતપ ભવ્ય વર્ષીતપ પ્રતિષ્ઠા અને બે બે વાર ઓળીની આરાધના કરાવનાર પૂજ્યપાદ જૈનાચાર્ય વિજય રત્ન ચંદ્ર સૂરીશ્વરજી મ. સા. (ડહેલાવાળા)ની નિશ્રામાં પ્રથમવાર હાલોલ લબ્ધ પ્રતિષ્ઠિત પરિવાર મણીબેન મીશ્રસ મલજી ઘોકા પરિવારની દીક્ષાર્થી મુમુક્ષુ હીના કુમારી, પૂજા કુમારી, કરિશ્મા કુમારી તેમજ પ્રિયંકા કુમારી જૈન દીક્ષા સ્વીકારવા તૈયાર થયા છે.જયારે ગુરૂવારના રોજ નગરના ગુરૂ રામ સંયમ મહલમાં સર્વસ્વ સમર્પણ દીક્ષા ગ્રહણ કરનાર છે. જેમાં સવારે ૭.૦૦ કલાકે દીક્ષા મંડપમાં પ્રવેશ થશે અને ૮.૩૦ કલાકે રજોહરણ પ્રદાન થશે.